દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેનો
વિભાગ
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
ભારત સરકાર



ફેબ્રુઆરી, ૨૦૨૧

ભાગ ૧,
સાર્વજનિક ઇમારતો
બાંધકામ કરેલ માળખાગત
સુવિધાઓમાં સુગમ્યતાની બાબતનું
રહસ્યોદ્ઘાટન

# સુગમ્યતા
# સચિત્ર માર્ગદર્શિકા

**કવર ફોટો** – સરકારી સંગ્રહાલય, ઇગમોર, ચેન્નાઈ,તામિલનાડુ
**ફોટોગ્રાફનું સ્રોત** – દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ માટેના કમિશનરની કચેરી, તામિલનાડુ સરકાર

**આભાર-સ્વીકાર** - દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેનો વિભાગ, સમગ્ર દેશમાંથી સુગમતાને લગતાં ફોટોગ્રાફ પુરા પાડવાની પ્રવૃત્તિમાં, સીધી અથવા આડકતરી રીતે અથવા એક્સેસીબલ ઈન્ડિયા કેમ્પેનના (સુગમ્ય ભારત અભિયાન) MIS પોર્ટલ દ્વારા ભાગ લેવા માટે અંદામાન –નિકોબાર ટાપુઓની કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો અને આંધ્રપ્રદેશ, ચંડીગઢ, છત્તીશગઢ, દિલ્હી, હરિયાણા, કેરાલા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તામિલનાડુ, તેલંગાના, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારો, એરપોર્ટ ઑથોરિટી ઓફ ઈન્ડિયા, રેલ્વે બોર્ડ, અને ચંડીગઢ કોલેજ ઓફ આર્કીટેક્ચરનો અત્યંત આભારી છે. આ સંકલનને માત્ર રસપ્રદ જ નહીં પરંતુ સ્રોત સંપન્ન અને માહિતીથી સમૃદ્ધ બનાવવા માટે, સર્વે દ્વારા દર્શાવવામાં આવેલ ઉત્સાહ અને ઉત્સુકતા મહત્ત્વપૂર્ણ છે, જેનાથી ભારતભરમાં સાર્વત્રિક સુગમ્યતા તરફના પગલા લેવામાં પ્રયત્નો કરવામાં મદદ મળશે.

**પ્રેરણા** – શ્રીમતી શકુંતલા ડી. ગેમલીન, સચિવશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણનો વિભાગ, ભારત સરકાર
**કોન્સેપ્ટ ડિઝાઇન** – શ્રીમતી તારિકા રોય, સંયુક્ત સચિવશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણનો વિભાગ, ભારત સરકાર અને આ પ્રયત્નમાં સહાય પૂરી પાડનાર તેમની એક્સેસીબલ ઈન્ડિયા ટીમના સભ્ય શ્રી વિકાસ પ્રસાદ, નિદેશક; શ્રી સંજય સિંઘ, ઉપ સચિવ; અને શ્રીમતી પ્રિયદર્શીની ઘોષ, કન્સલ્ટન્ટ

# અનુક્રમણિકા

| | |
|---|---|
| માન. કેન્દ્રીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો સંદેશ | ૧ |
| માન. કેન્દ્રીય રા.ક. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો સંદેશ | ૨ |
| પ્રસ્તાવના.................................................................................... | ૩ |
| પુસ્તિકા વિશે ............................................................................. | ૫ |
| સુગમ્યતાની સમજ.................................................................... | ૭ |
| રાષ્ટ્રીય સુગમ્યતા આદેશ અને ધોરણો ............................................. | ૯ |
| સુગમ્ય ભારત અભિયાન ................................................................ | ૧૧ |
| સુગમ્યતા અંગેની ડિઝાઇનના સિધ્ધાંતો ................................................ | ૧૩ |
| ક્યાં સંપૂર્ણ સુગમ્યતાની જરૂર છે. –૧૦ સુગમ વિશેષતાઓ ....................... | ૧૫ |
| ૧લી વિશેષતા –સુગમ્ય માર્ગ ........................................................... | ૧૯ |
| ૨જી વિશેષતા –સુગમ્ય પાર્કિંગ ......................................................... | ૩૧ |
| ૩જી વિશેષતા –સુગમ્ય પ્રવેશદ્વાર ...................................................... | ૪૫ |
| ૪થી વિશેષતા –સુગમ્ય રિસેપ્શન ...................................................... | ૬૧ |
| ૫મી વિશેષતા –સુગમ્ય પરસાળ ......................................................... | ૭૫ |
| ૬ઠ્ઠી વિશેષતા –સુગમ્ય લિફ્ટ ............................................................ | ૮૭ |
| ૭મી વિશેષતા –સુગમ્ય સીઢીઓ/દાદર ................................................... | ૧૦૫ |
| ૮મી વિશેષતા –સુગમ્ય શૌચાલયો ....................................................... | ૧૧૫ |
| ૯મી વિશેષતા –પીવાના પાણીની સુગમ સવલતો ......................................... | ૧૩૧ |
| ૧૦મી વિશેષતા –સુગમ્ય નિશાનીઓ ..................................................... | ૧૩૯ |
| ચેતવણીની પ્રણાલીઓ.................................................................... | ૧૫૫ |
| સુગમ્યતાના સૈનિકો બનો – તમારી આજુબાજુના વાતાવરણમાં રહેલી સુગમતાઓનું મૂલ્યાંકન કરો............... | ૧૫૭ |



સંદેશ

શ્રી થાવરચંદ ગેહલોત,
માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા

"સબકા સાથ, સબકા વિકાસ'ના ધ્યેય સાથે માન. વડાપ્રધાનશ્રીએ એવા સર્વ-સમાવિષ્ટ ભારતના સર્જનની કલ્પના કરી છે, જેમાં સમાજનો દરેક ભાગ સમાન સહભાગિતા સાથે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે. સાર્વત્રિક પહોંચની વ્યવસ્થા જ આ સ્વપ્નને સાકાર કરી શકે છે. 'સુગમ્ય ભારત અભિયાન' આ દિશામાં લેવાયેલું એક પગલું છે.

દિવ્યાંગતાના સામાજિક મોડેલની સમજને આગળ વધારતાં, તે શાણપણભર્યું ગણાશે કે દિવ્યાંગતાને વ્યક્તિની તબીબી પરિસ્થિતીને લગતી બાબત માત્ર ન ગણતાં તેને સામાજિક માળખા અને વલણને લગતી બાબત પણ ગણીએ. તેના માટે સમાજના દરેક સભ્યએ દિવ્યાંગજનના સ્વતંત્ર અને સલામત જીવન માટે પહોંચ સર્જતું વાતાવરણ સર્જવાની પોતાની જવાબદારી સમજવી જોઈએ. પહોંચ એ માત્ર દિવ્યાંગજન જ નહી પરંતુ સમાજના દરેક સંવેદનશીલ જુથ જેમ કે વૃધ્ધો, મહિલાઓ, નવ-માતાઓ, સગર્ભા મહિલાઓ, અક્ષમ લોકો, અને બીમાર તેમજ ઇજાગ્રસ્ત લોકો માટે પણ તેમને સક્ષમ બનાવતુ માધ્યમ સાબિત થશે.

આ પુસ્તિકા સાર્વજનિક માળખાગત સુવિધાઓની યોગ્ય પહોંચના સર્જન માટે જમીની ધોરણે શું કરી શકાય તે અંગે સંવેદનશીલતા અને સભાનતા પેદા કરવા માટેનો પ્રયાસ છે. સર્વ સમાવિષ્ટતા અને સુગમ્યતા તરફ આપણાં દેશના વિકાસની દિશાને વાળીએ તે જરૂરી છે. તેના દ્વારા આપણાં દિવ્યાંગ ભાઈ-બહેનોને માત્ર સમાનતાની તક જ મળશે તેવું નથી, પરંતુ તેમની ક્ષમતાઓનો પણ ઉપયોગ થઈ શકશે. આ સંકલનને 'સાર્વત્રિક સુગમ્ય ભારત' તરફ પ્રગતિ માટે સમાજને અપીલ તરીકે ગણવું આવશ્યક છે.

ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી મેળવેલા સરળ ફોટોગ્રાફિક નમૂનાઓ દ્વારા સાર્વજનિક ઇમારતોમાં 'સુગમ્યતા'ની સમજ કેળવા માટે ફોટો-ડાયજેસ્ટના રૂપમાં માહિતી બેંક વિકસાવવાની આ પહેલ હાથ ધરવા માટે હું દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના વિભાગના સચિવ શ્રીમતી શકુંતલા ડી ગેમલીન, સંયુક્ત સચિવ શ્રીમતી તારિકા રોયને અભિનંદન પાઠવવા ઈચ્છું છું.





સંદેશ

શ્રી કૃષ્ણપાલ ગુર્જર,
માન. રાજ્યકક્ષાના મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા

ભારતે દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગેની સંયુક્ત રાષ્ટ્ર સમજૂતીને સ્વીકારી છે, જે તેના પર સહી કરનાર તમામ દેશોને દિવ્યાંગ વ્યક્તિઓ માટે ભૌતિક વાતાવરણ, પરિવહન અને માહિતી અને સંદેશાવ્યવહારની સુગમ્યતા માટે શહેરી અને ગ્રામીણક્ષેત્રના મકાનોમાં અન્ય લોકો સાથે સમાનધોરણે, પ્રવેશ સુનિશ્ચિત કરવાની ફરજ દર્શાવે છે. માનનીય વડાપ્રધાન દ્વારા બાંધકામ કરેલ મકાનોમાં પ્રવેશ માટે અવરોધમુક્ત પર્યાવરણના ત્રણેય પરિબળો, બાંધકામ કરેલ પર્યાવરણ, પરિવહન પ્રણાલી અને આઇસીટી ઇકોસિસ્ટમના સર્જનના હેતુથી ૩ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ સુગમ્ય ભારત અભિયાન અથવા એક્સેસીબલ ઈન્ડિયા કેમ્પેન શરૂ કરવામાં આવી હતી. સુગમ્ય ભારત અભિયાન દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગેના અધિનિયમ, ૨૦૧૬ હેઠળની કલમ ૪૦ થી ૪૬ સુધી દર્શાવવામાં આવેલ સુગમ્યતાની જોગવાઇઓના અમલીકરણને સુનિશ્ચિત કરવાના એક સાધન તરીકે પણ કામ કરશે. આ જોગવાઇઓ દિવ્યાંગ વ્યક્તિઓ માટે અવરોધમુક્ત પર્યાવરણના નિર્માણ માટે કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ દ્વારા ૨૦૧૬માં તૈયાર કરવામાં આવેલ બાંધકામયુક્ત માળખાઓ સંબંધેના સુગમ્યતા માટેના ધોરણો- હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સ અને સ્પેસ સ્ટાન્ડર્ડ્ઝને દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગેના અધિનિયમથી નોટીફાય કરવામાં આવેલા છે.

જે લોકો તેમની ક્ષમતા, વય, લિંગ, સંસ્કૃતિ અથવા પરિસ્થિતિના કારણે સંવેદનશીલ છે તેવા તમામ લોકો માટે સાર્વજનિક માળખાકીયમાં સુગમતા ઊભી કરે તેવા સગવડયુક્ત, સલામત અને સુરક્ષિત સમાજમાં સંગઠિત પરીવર્તન માટેના આ પગલાં સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વ્યવસાયિકો માટે માર્ગદર્શિકા તરીકે DEPwD દ્વારા સાદી અને સરળ પરંતુ વિગતવાર માહિતી આપતી આ સચિત્ર પુસ્તિકા પ્રસિધ્ધ કરવાની પ્રસંશનીય પહેલ કરવામાં આવી છે. તે દેશમાં ઘણી સારી રીતે હાથ ધરવામાં આવેલા કેટલાક નમૂનારૂપ ઉદાહરણો રજૂ કરવાની સાથે સુગમ્યતાની લાક્ષણિકતાઓ અંગે મુખ્ય આવશ્યકતાનો સંદર્ભ પ્રદાન કરે છે. તે આનંદની વાત છે કે સમગ્ર ભારતની સરકારો સમાવિષ્ટ અને સુગમ્ય જાહેર સ્થળો વિકસાવવા તરફના પ્રગતિશીલ પગલા લઈ રહી છે. મને ખાતરી છે કે બંધકામયુક્ત પર્યાવરણમાં સુગમતાની સુવિધા દર્શાવતી ફોટો ડાયજેસ્ટની આ પહેલ સંબંધિત દરેકને સુગમ્ય મકાનો પૂરા પાડવામાં મદદ કરશે.



# પ્રસ્તાવના

શ્રીમતી શકુંતલા ડી. ગેમલીન,
સચિવશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણનો વિભાગ,
ભારત સરકાર

શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધા, માહિતી તકનીક અથવા પરિવહનપ્રણાલી, ગમે તે ક્ષેત્ર હોય સુગમ્ય અને સમાવિષ્ટ સમાજનું નિર્માણએ દરેક નીતિ નિર્માતા માટે પડકાર બની રહે છે. સુગમ્યતાની સાથે કાર્યક્ષમતા, સમય બચાવ, જ્ઞાન અને વૃદ્ધિ સંકળાયેલા છે.

વ્યાપકપણે જણાયુંછે કે ઓનલાઇન શિક્ષણ અને વર્ચ્યુઅલ ઇવેન્ટ્સ સમય, પૈસા અને અંતરની કરકસર કરે છે. ટેક્સ્ટ ટુ સ્પીચ, વોઇસ ઓવર, ઓપ્ટિકલ કેરેક્ટર રીડર્સ, કલર કોન્ટ્રાસ્ટ, મોટા કદના અક્ષરો-ફોન્ટ્સ, અને અન્ય બાબતો, લોકોમાં શિક્ષણ અને માહિતીને દૃશ્ય અને શ્રાવ્ય દિવ્યાંગ વ્યક્તિઓ માટે સુગમ્ય શિક્ષણની સુવિધાઓ પૂરી પાડે છે. પ્રમાણિત ભારતીય સાંકેતિક ભાષાએ શ્રવણ-ક્ષતિ ગ્રસ્ત લોકો સુધી પહોંચ વધારવામાં ઘણો ફાળો આપ્યો છે. એન.સી.ઇ.આર.ટી. માં પ્રાથમિક, મધ્યમ (middle) અને માધ્યમિક શાળાના સંપૂર્ણ અભ્યાસક્રમને રૂપાંતરિત કરવા માટે સાંકેતિક ભાષાને અનુરૂપ બનાવવામાં આવી છે. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓથી સંબંધિત અભિવ્યક્તિની છ હજાર રીતોના પારિભાષિક શબ્દોના કેટલૉગ અને સંબંધિત શબ્દોની સૂચિએ ઇતિહાસનાં લક્ષ્યો છે. તેઓ તેમના પ્રમાણિતસ્વરૂપ, સામગ્રી અને પદાર્થમાં દેશમાં એકરૂપતા પેદા કરતી શક્તિઓ સાબિત થશે. આજના આધુનિક વિશ્વમાં જ્યાં માહિતીની સુલભતા એ પ્રગતિ માટેની ચાવી છે, માહિતી અને સંદેશા વ્યવહારની ઇકો-સિસ્ટમની સુગમ્યતા વધુ મહત્વપૂર્ણ બની જાય છે.

હકીકતમાં, સાધનો અને તકનીકોમાં પ્રગતિએ સુગમ્ય ભૌતિક વાતાવરણના નિર્માણમાં પણ વધારો કર્યો છે, જેનાથી દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) ની રોજિંદી કામગીરી અનુકૂળ અને સલામત બને છે. ઢાળ (ramps), વ્હીલચેર મૈત્રીપૂર્ણ સ્વાગત કક્ષ , ચેતવણી-સંકેત, સુગમ્ય લિફ્ટ, સુગમ્ય શૌચાલયો, સ્વચાલિત દરવાજા અને લાઇટિંગ સિસ્ટમ્સ, કૃત્રિમબુધ્ધિ (Artificial Intelligence), વગેરે, એવી કેટલીક નવીન તકનીકો છે જેમના દ્વારા સમાજમાં અસરકારક પરિવર્તન આવ્યું છે તેના થોડા ઉદાહરણો છે.

દસ સુલભ લાક્ષણિકતાઓ જેમાં સુગમ્ય માર્ગો, ટ્રાન્સફર-બે સાથેના વાહન-પાર્કિંગ અને પ્રવેશ માટેના સુગમ્ય -ઢાળ (Ramps) એમ ત્રણ બાહ્ય સુગમ લાક્ષણિકતાઓ તેમજ સુગમ્ય સ્વાગત કક્ષ, પરસાળો (કોરિડોર), બ્રેઇલ બટનો અને શ્રાવ્ય ઘોષણાઓ સાથેની સુગમ્ય લિફ્ટ્સ ની સાત ઇન્ડોર સુવિધાઓ, સુગમ્ય દાદર/સીઢીઓ, સુગમ્ય શૌચાલયો, પીવાના પાણી માટેની સુગમ્ય સવલતો, અને ચેતવણી-સંકેતો એવી સુગમતાઓ છે જેમનો ઉપયોગ કરીને દિવ્યાંગો, વૃધ્ધો, અસ્થિરતા ધરાવતા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ, અને અન્ય લોકો રેલ્વે, હવાઈ મથકો, જાહેર પરિવહન,ઇમારતો,



હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, રમત-ગમતના સ્ટેડિયમો જેવા જાહેર ઉપયોગના સ્થળોનો સરળતા અને સુગમ્યતાથી ઉપયોગ કરી શકે છે. બાંધકામ કરેલા સ્થળોમાં પણ મૂળભૂત સુગમ્યતા દરેક વ્યક્તિને, જે કાયમી ધોરણે દિવ્યાંગ હોય અથવા તે અસ્થાયીરૂપે અક્ષમ હોય અથવા અન્યથા હોય, તેને દિવ્યાંગ વ્યક્તિઓ માટે ના અધિકાર, ૨૦૧૬ હેઠળના સ્થાપિત અધિકાર તરીકે સમાજના મુખ્ય પ્રવાહની પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ રીતે ભાગ લેવાની સગવડ આપે છે..

આવી સરળતાથી સુગમ્ય માળખાગત સુવિધાઓ દ્વારા માનવ સંસાધનમાં મૂલ્ય ઉમેરવા માટેનું રૂપાંતરીત પરિવર્તન કે જે આજ સુધી એક દૂરનું સ્વપ્ન હતું, તે ટૂંક સમયમાં વાસ્તવિકતા હશે. રીટ્રોફિટમેન્ટએ ખર્ચનું વળતર આપે તેવો અસરકારક ઉકેલ છે જે કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિના ચલાવી શકાય છે. જો કે જ્યારે આપણી આસપાસના વાતાવરણમાં ક્રાંતિકારી પરિવર્તનની કલ્પના કરવામાં આ શરૂઆત કરવામાં આવી છે, ત્યારે તે પણ આવશ્યક છે કે ધોરણો અનુસારની અને દિવ્યાંગ વ્યક્તિઓની જરૂરિયાતોને અનુરૂપ સુવિધાઓ બનાવવામાં આ વેકેજે થી સત્તાધિકારીઓના પ્રયત્નો વ્યર્થ ન નીવડે. દિવ્યાંગ વ્યક્તિઓની આવશ્યક જરૂરિયાતોના પાલનની નિષ્ફળતા અથવા તેનું અજ્ઞાન ઘણીવાર સ્ત્રોત, સમય અને શક્તિના બગાડ તરફ દોરી જાય છે જેઆ લક્ષ્ય કેંદ્રી પ્રયત્નો દ્વારા હેઠળના સર્વ-સમાવિષ્ટ વાતાવરણ નિર્માણના હેતુને નિષ્ફળ બનાવે છે. છેવટે, આ બાબતો આપણને રવિન્દ્રનાથ ટાગોરે જેને “સાંકડી ઘરેલુ દિવાલોના અવરોધોને તોડીને” કાવ્યાત્મકરૂપે દર્શાવ્યું છે તે હાંસલ કરવાની દિશામાં આગળ વધવામાં મદદ કરશે.

હું સુ શ્રી તારિકા રોય, સંયુક્ત સચિવ અને તેમની સુગમ્ય ભારત અભિયાનની ટીમ – શ્રી વિકાસ પ્રસાદ - નિદેશક, શ્રી સંજયસિંહ – ઉપસચિવ અને કુ. પ્રિય દર્શિની ઘોષ – સલાહકાર જેમણે સુગમ્ય વાતાવરણ બનાવવા માટે સમાજ ને યોગ્યતા તરફ સંવેદનશીલ બનાવવા માટે સમગ્ર ભારતમાંથી ફોટોગ્રાફ્સ નું સંકલન કરીને આ ફોટો-ડાયજેસ્ટ ના નિર્માણ માટે ઉધમી પ્રયત્નો કર્યા છે તેમને અભિનંદન આપું છું. હું આશા રાખું છું કે બધા સહભાગીઓ તેમના જાહેર સ્થળોને સુગમ્ય બનાવે ત્યારે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી લેવામાં આવેલા કેટલાક શ્રેષ્ઠ ઉદાહરણોના સચિત્ર વર્ણનો દ્વારા ચિત્રિત સૂચનાઓને સમજવા માટેની બાબતોની નોંધ લેશે અને તેનું પાલન કરશે.

**પુસ્તિકા વિષે :-**

સમગ્ર ભારતમાં ત્રણ ક્ષેત્રો જેમ કે બાંધકામવાળા વાતાવરણ, પરિવહન ક્ષેત્ર  અને આઇસીટી ઇકોસિસ્ટમમાં સુગમ્યતા લાવવા માટે ૨૦૧૫માં સુગમ્ય ભારત અભિયાન (AIC) ચાલુ કરવામાં આવ્યું. દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણનો વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર આ AICના અમલીકરણ અને નિયમન માટેનું નોડલ વિભાગ છે. આ અભિયાન ચાલુ કરાયાના છેલ્લા થોડાક વર્ષોમાં DEPwD એ  સમગ્ર ભારતમાં માત્ર જમીની વ્યવહારુ સમસ્યાઓ જ નહી પરંતુ સમજદારીના અભાવ/ક્ષતિની અને જાહેર ઇમારતોમાં યોગ્ય સ્થળોએ સુગમ્યતા ઊભી કરવા બાબતની સમસ્યાઓનો પણ સામનો કર્યો છે. તે સમજાયું કેમ મકાનોમાં સુલભતા માટે પુન:નિર્માણ કરતી વખતે, તે આવશ્યક હતું કે દિવ્યાંગ વ્યક્તિઓ, વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ, બાળકો, અશક્ત અથવા ઘાયલ અને અસ્થાયી ધોરણે દિવ્યાંગ લોકોની જરૂરિયાતો અને ચિંતાઓને  સમજીને તેમને જરૂરી હોય તેમ  યોગ્ય રીતે સંબોધવામાં આવે. તેથી, સંબંધિત અધિકારીઓને આ આવશ્યકતાઓ વડે શિક્ષિત કરવા અને સમજાવવા ની જરૂરિયાત ઊભી થઈ.

તદનુસાર, DEPwD એ દિવ્યાંગ વ્યક્તિઓ અને વૃદ્ધો માટેના અવરોધ મુક્ત પર્યાવરણની રચના માટેના વિગતવાર સુમેળ માર્ગદર્શિકા અને અવકાશ ધોરણો (Space Standards)ને પ્રકાશિત કરીને પ્રારંભ કર્યો, જેમાં સુગમ્યતાની ૧૦ મૂળભૂત સુવિધાઓનો સમાવેશ કરીને સાર્વજનિક ઇમારતોમાં સુલભતા વધારવા માટેની  ન્યુનત્તમ આવશ્યકતાઓને સમાપ્ત કરવામાં આવી. આ ૧૦ વિશેષતાઓ ઓગસ્ટ ૨૦૧૯ થી કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય / કેન્દ્ર શાસિત સરકારોને જણાવવામાં આવી હતી. વળી, સપ્ટેમ્બર ૨૦૧૯ માં માનનીય કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી થાવર ચંદ ગેહલોત દ્વારા AIC ના મેનેજમેન્ટ ઇન્ફર્મેશનસિસ્ટમ (MIS) પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી, જ્યાં કેન્દ્ર અને રાજ્ય / કેન્દ્ર શાસિત રાજ્ય સરકારો એ સુગમ્યતા ઉપલબ્ધ કરાવવા માટે કરેલ રીટ્રોફિટિંગ ના ફોટોગ્રાફ્સ સાથે વિગતો અપલોડ કરવી જરૂરી હતી. આ ફોટો ગ્રાફ્સના વિશ્લેષણમાં રીટ્રોફિટિંગના કામમાં થયેલી ક્ષતિઓ ઉજાગર થઈ, જેમને CPwD અને રાજ્ય / કેન્દ્ર શાસિત સરકારોના ધ્યાને લાવવામાં આવી, જેથી તેમાં સુધારા થઈ શકે અને બાકી રહેલા કામોમાં તે થવા ન પામે.



MIS માં અપલોડ કરવામાં આવેલા ફોટોગ્રાફના વિશ્લેષણ, સ્થળોની પ્રત્યક્ષ મુલાકાતો, સુગમ્યતા નિરીક્ષણોઅને ઇજનેરો અને આર્કિટેક્ટ્સની ટીમો સાથે કરવામાં આવેલ ચર્ચામાં ધ્યાને આવેલ ક્ષતિઓ  આ પુસ્તિકા માટેનું મૂળ કારણ (*raison d'etre*)છે. સચિવશ્રી, CPwDએ આ ક્ષતિઓની પૂરતી માટે સાર્વજનિક ઇમારતોમાં સુગમ્યતાની ચિત્રો અને ફોટોગ્રાફ દ્વારા સરળ (at aglance) સમજ માટેના સંદર્ભ પુસ્તકની જરૂરિયાત દર્શાવી હતી. આમ સુગમ્યતાની ૧૦ લાક્ષણિકતાઓ ધરાવતા ફોટો-ડાઈજેસ્ટ એ સુલભતાના આવા સંદર્ભ પુસ્તકોની શ્રેણીનું પ્રથમ પુસ્તક છે. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સમગ્ર ભારતમાંથી સુગમ્યતાના ઉત્તમ નમુનાઓના ફોટોગ્રાફ એકઠા કરવામાં આવે અને તેમને સરળતાથી સમજી શકાય એવા પુસ્તકના રૂપે ઉપલબ્ધ કરવવામાં આવે જેમાં ખૂબ લખાણ ન હોય. ઉપરાંત તેમાં થયેલા સુધારા અને નવીન પ્રક્રિયાઓનો પણ ઉલ્લેખ હોય.
૧૦ મૂળભૂત સુગમ્યતાઓ દર્શાવતા ફોટોગ્રાફ્સ ને એકઠાં  કરવા માટે ઘણાસ્રોતોનો ઉપયોગ કરવામા આવ્યો હતો. રાજ્ય અને કેન્દ્ર શાસિત સરકારોને તેમના ફોટોગ્રાફ્સ મોકલવા વિનંતી કરવામાં આવી હતી; તે જ રીતે એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયાને પણ જણાવવામાં આવ્યું હતું. AICના MIS  પોર્ટલ પર આ હેતુ માટે  ઉપલબ્ધ ફોટોગ્રાફનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉપરાંત DEPwD પાસે પહેલે થી જ ઉપલબ્ધ ફોટોગ્રાફ્સના ભંડારનો ઉપયોગ પણ કરવામાં આવ્યો. હકીકતમાં એક ફોટોગ્રાફ, તેના સ્ત્રોતની ખાતરી કરીને  ઇન્ટરનેટ પરથી લેવામાં આવ્યો.

આશા છે કે ફોટો ડાયજેસ્ટ માં એકત્ર કરવામાં આવેલા અને પ્રસ્તુત કરવામાં આવેલા આ ફોટો ગ્રાફ્સ, જાહેર માળખામાં સુલભ બનાવવાના ભારતના  પ્રયત્નોની માહિતી આપીને ભારત ને વૈશ્વિક સ્તરે સુગમ્ય અને તે દ્વારા સમયાંતરે સાચા અર્થ માં સર્વ સમાવેશી બનાવશે. ચાલો આપણે સૌ સુગમ્યતાના સૈનિકો બનીએ.

શ્રીમતી તારિકારોય,
સંયુક્ત સચિવ,
દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણનો વિભાગ, ભારત સરકાર.

# સુગમ્યતાની સમજ

**શબ્દકોશનો અર્થ :** પ્રાપ્તિ, સમાજ, મૂલ્યાંકન અને ઉપયોગમાં સરળ હોવાનો ગુણ

નેશનલ બિલ્ડીંગ કોડ જણાવે છે કે સુગમ્યતામાં,ઇમારતના તમામ સંભવિત ઉપયોગકર્તાઓ માટેની સ્વતંત્ર પહોંચ, પ્રવેશ, ખાલી કરવાની ક્રિયા, અને અથવા ઇમારતના ઉપયોગ અને તેની સેવાઓ અને સગવડો બાબતની સરળતાનો સમાવેશ થાય છે, જે આ પ્રક્રિયાઓ દરમિયાન જે વ્યક્તિગત આરોગ્ય, સલામતી અને કલ્યાણને સુનિશ્ચિત કરે.

સુગમ્યતાનો ખ્યાલ માત્ર દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) માટે જ નથી, પરંતુ તે સૌ કોઈ જે લિંગ, ઉંમર, શારિરીક શક્તિ, આર્થિક પરિસ્થિતી અથવા સાંસ્કૃતિક જોડાણના અભાવના કારણે સંવેદનશીલ બની ગયા છે, જેમ કે વૃધ્ધો, શિશુઓ, નવ-માતાઓ, સગર્ભા મહિલાઓ, અકસ્માતના ભોગ બનેલા લોકો, બીમારો અને અસ્થિર લોકો માટે પણ છે.

યુનાઈટેડ નેશનનું કન્વેન્શન ઓફ રાઇટ્સ ઓફ પરસન્સ વિથ ડિસેબીલીટી (UNCRPD) દિવ્યાંગતાના સામાજિક મોડેલનો સ્વીકાર કરે છે. આ મોડેલ જણાવે છે કે કોઈ વ્યક્તિ એટલા માટે દિવ્યાંગ નથી કે તે કોઈ તબીબી સ્થિતિનો ભોગ બની છે. પરંતુ સમાજના અભિગમ અને માળખા કે જેમાં અસુવિધાપૂર્ણ પર્યાવરણ અને પરિવહન, સહાયક સાધનો અને તકનીકીનો અભાવ, ઉપયોગમાં ન લઈ શકાય તેવાં સંચારના સાધનો, સેવા-આપૂર્તિમાં ક્ષતિઓ અને સામાજિક ભેદભાવો, પૂર્વગ્રહો અને કલંક પણ તેમને દિવ્યાંગ બનાવે છે.

એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, ૨૦૩૦ જણાવે છે કે દિવ્યાંગતા એ વિકાસલક્ષી કાર્યક્રમ અને માનવ અધિકારોની અનુભૂતિ/પ્રાપ્તિની પહોંચના અભાવનું કારણ નથી.



સુગમતા આધાર માટે નીચે મુજબના આંતરરાષ્ટ્રીય આદેશો નક્કી કરવામાં આવ્યા છે.

•યુનાઈટેડ નેશન્સ કન્વેન્સન ઓન રાઇટ્સ ઓફ પરસન્સ વીથ ડીસેબીલીટીઝ, ૨૦૦૭ (UNCRPD) જેનો ભારતે સ્વીકાર કર્યો છે. તે તેની પ્રસ્તાવનામાં દિવ્યાંગ વ્યક્તિઓને તમામ માનવાધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાનો આનંદ માણવા માટે ભૌતિક, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પર્યાવરણ આરોગ્ય અને શિક્ષણ અને માહિતી અને સંચારની સુગમ્યતાની અગત્યતા સ્વીકારે છે.UNCRPD ના પ્રકરણ ૯ના અનુચ્છેદ ૨૬ અનુસાર દિવ્યાંગ વ્યક્તિઓ માટે ભૌતિક વાતાવરણ, પરિવહન અને માહીતી અને સંચાર બાબતે અન્ય લોકો સાથે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સમાનતાના ધોરણે પહોંચ પૂરી પાડવાનું ઠરાવવામાં આવ્યું છે.

•ઇંચિયોન સ્ટ્રેટેજી, ૨૦૧૨ જે UNCRPD પર આધારિત છે, જે એશિયા અને પેસિફિક માં આવેલા દિવ્યાંગ વ્યક્તિઓ માટે સમાવિષ્ટ, અવરોધમુક્ત અને અધિકાર આધારિત સમાજ રચવાની દિશામાં પ્રયત્ન છે તેને ભારતે સ્વીકારેલ છે. તેનું ધ્યેય ક્રમાંક ૩ વિશેષપણે ભૌતિક પર્યાવરણ, પરિવહન, જ્ઞાન, માહિતી અને સંચારને સમાવિષ્ટ સમાજ માટેની પૂર્વશરત તરીકે દર્શાવે છે. તેનું પ્રથમ લક્ષ્ય, પ્રાદેશિક રીતે સહમતી સધાયેલ દિવ્યાંગતા-સમાવિષ્ટ વિકાસના ધ્યેય અને સુગમતા સાધવામાં થયેલ પ્રગતિ તપાસવા માટેના સૂચકો બાબતે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર હેઠળના દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના વિભાગે દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોની રક્ષા માટે, દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટેનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (RPwD Act)નામનો દૂરંદેશી કાયદો ઘડ્યો છે. આ કાયદો દિવ્યાંગ વ્યક્તિઓને આરોગ્ય, શિક્ષણ, રોજગાર, બિન-ભેદભાવયુક્ત વ્યાવહાર, વાલીપણું અને મહત્વની બાબત સુગમ્યતા પૂરી પાડવામાં સમાન તકો પ્રદાન કરે છે. RPwD, ૨૦૧૬ અધિનિયમ ૨૧ પ્રકારની દિવ્યાંગતા જેમાં હલન-ચલણ, દ્રષ્ટિ, અને બોલવાની ક્રિયામાં અક્ષમતા, માનસિક દિવ્યાંગતા, માનસિક બીમારી અને અન્ય તબીબી પરિસ્થિતિઓ જેમ કે રક્ત-વિકારો (હિમોફીલીયા, થેલેસેમિયા, સિકલસેલ રોગો) અને બહુવિધ દિવ્યાંગતાનો સમાવેશ થાય છે, તેનો સમાવેશ કરે છે. RPwD, ૨૦૧૬ની કલમ ૪૦-૪૬, બાંધકામ કરેલ સ્થળોમાં, પરિવહન, યોગ્ય તકનીકી, ગ્રાહકોની ચીજ-વસ્તુઓ અને તમામ સેવાઓમા સમગ્ર જનતા માટે સાર્વત્રિક સુગમ્યતા પૂરી પાડવાની બાબત ફરજિયાત બનાવે છે.



# રાષ્ટ્રીય સુગમ્યતા માટેના આદેશ અને ધોરણો

RPwD, ૨૦૧૬ તેની કલમો ૪૦ થી ૪૬ અન્વયે સુગમ્યતા માટે નીચે મુજબના આદેશ આપે છે.

•**કલમ ૪૦** : દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) માટે ભૌતિક પર્યાવરણ, પરિવહન, માહિતી અને સંચાર સહિતની યોગ્ય તકનીકી અને પ્રણાલીઓ અને અન્ય સવલતો અને સેવાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર જનતાને સુગમ્યતા પૂરી પાડવા માટે નિયમો બનાવવાની જોગવાઈ.

•**કલમ ૪૧** : દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs)ને બસસ્ટોપ, રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ પર સુગમ્યતાના ધોરણો અનુસારની સવલતો પૂરી પાડવા, તેમને તમામ પ્રકારની પરિવહન સેવાઓ ઉપલબ્ધ કરાવવા અને તેમની હલન-ચલનની જરૂરિયાત માટે સુલભ માર્ગો ઉપલબ્ધ કરાવવા તેમજ PwDsની વ્યક્તિગત હલન-ચલનને પ્રોત્સાહિત કરવા યોગ્ય પગલાં લેવા.

•**કલમ ૪૨** : દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs)ને શ્રાવ્ય, છાપેલા સ્વરૂપે અને ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં તમામ માહિતી મળી શકે, PwDsને દ્રશ્ય સામગ્રીના વર્ણન, સાંકેતિક ભાષાના અર્થઘટન અને સબ-ટાઇટલ/ક્લોઝ કેપ્શન અને રોજીદા જીવનમાં ઉપયોગમાં લેવાતાં ઈલેક્ટ્રોનિક સામાન અને સાધનો વૈશ્વિક ડિઝાઇનમાં ઉપલબદ્ધ થાય તે સુનિશ્ચિત કરવું.

•**કલમ ૪૩** : વૈશ્વિક ડિઝાઇનવાળા સામાન્ય વપરાશના ગ્રાહક ઉત્પાદનો અને તેને સંબંધિત અન્ય વસ્તુઓના વિકાસ, ઉત્પાદન અને વિતરણને પ્રોત્સાહિત કરવા.

•**કલમ ૪૪** : સુગમ્યતાના નિયમો અનુસારના ન હોય તેવા બાંધકામોને બાંધકામની અનુમતી ન આપીને, બાંધકામ પૂર્ણ થયાના (Completion Certificate) કે તેમાં રહેવા અંગેનું પ્રમાણપત્ર (Occupancy Certificate) ન આપીને સુગમ્યતાના ધોરણોનું ફરજિયાત પાલન.



•કલમ ૪૫ : નિયમોની અધિસુચના બહાર પાડ્યાની તારીખથી પાંચ વર્ષની અંદર તમામ સાર્વજનિક ઇમારતોને નિયમાનુસાર સુગમ્ય બનાવવામાં આવશે.

•કલમ ૪૬ : નિયમોની અધિસુચના બહાર પાડ્યાની તારીખથી બે વર્ષની અંદર તમામ સરકારી અથવા ખાનગી સેવા પ્રદાતાઓ સુમ્યતાના નિયમાનુસાર સેવાઓ પૂરી પાડશે.

જાહેર સવલતો અને માળખાગત સુવિધાઓના ડિઝાઈનીંગ અને પ્લાનીંગ માટે ઉપલબ્ધ સુગમ્યતાના ધોરણોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

## ઇમારતો અને જાહેર સ્થાનો માટે :

❑કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇંસ એન્ડ સ્પેસ સ્ટાન્ડર્ડ્ઝ ફોર ક્રિએશન ઓફ બેરિયર્ફી એન્વાયરમેન્ટ ફોર પરસન્સ વીથ ડીસેબીલીટીઝ એન્ડ એલ્ડરલી પરસન્સ, ૨૦૧૬(હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સ) (RPwD નિયમો, ૨૦૧૭ હેઠળ અધિનિયમિત)

❑બ્યૂરો ઓફ ઇંડિયન સ્ટાન્ડર્ડ્ઝ દ્વારા નેશનલ બિલ્ડીંગ કોડ, ૨૦૧૬ (NBC)

### પરિવહન સેવાઓ માટે

•રેલ્વે મંત્રાલય દ્વારા હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇંસ ફોર પેસેન્ઝર્સ વિથ ડીસેબીલીટીઝ ઓવર ઇંડિયન રેલ્વેઝ

•માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગોનું મંત્રાલય દ્વાર કોડ ફોર એપૃવલ એન્ડ ડિઝાઇન ઓફ બસ (RPwD નિયમો, ૨૦૧૭ હેઠળ અધિનિયમિત)

•નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા હેંડબૂક ઓફ બેરિયર ફ્રી સ્પેસ સ્ટાન્ડર્ડ્ઝ ફોર બીલ્ટ ઍવાયર્મેન્ટ

## માહિતી અને સંચાર તકનીકી (ICT) ઇકોસિસ્ટમ માટે

•ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી તકનીકી મંત્રાલય દ્વારા ગાઈડલાઇન્સ દ્વારા ગાઈડલાઇંસ ફોર ઇંડિયન ગવર્નમેન્ટ વેબસાઈટસ (RPwD નિયમો, ૨૦૧૭ હેઠળ અધિનિયમિત)

•માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ગાઈડલાઇંસ ફોર ટીવી વ્યુઇંગ બાય પરસન્સ વીથ હિયરીંગ ઇમ્પેર્ડ

# સુગમ્ય ભારત અભિયાન

દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેનો વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દિવ્યાંગ વ્યક્તિઓ (PwDs) પ્રત્યે સમાજમાં જાગરુકતા, શિક્ષણ અને સંવેદનશીલતાના વિકાસ પ્રત્યે સમર્પિત છે. UNCRPD ને માન્યતા આપ્યા બાદ સરકારે તેની પ્રતિબધ્ધતા પૂરી કરવા એક મૂખ્ય અભિયાન - સુગમ્ય ભારત અભિયાન (AIC)ની તા. ૩ જી ડિસેમ્બર ૨૦૧૫ થી DEPwD દ્વારા શરૂઆત કરી છે. ઇંચિયોન સ્ટ્રેટેજી, ૨૦૧૨ને અનુસરીને આ અભિયાનનું લક્ષ્ય બાંધકામ યુક્ત પર્યાવરણ, પરિવહન અને ICT ઇકો સિસ્ટમ ત્રણેય ક્ષેત્રોમાં અવરોધ મુક્ત વાતાવરણ સર્જવાનું છે.

આ અભિયાનનું લક્ષ્ય સમાજના માર્ગદર્શન યુક્ત પરીવર્તન દ્વારા સુલભ સવલતો અને સેવાઓના પ્રમાણિત, કુદરતી અને ઈરાદા પૂર્વકના વિકાસના સુગમ્ય માળખાના વાસ્તવિક નમૂના સર્જવાનો છે. આ હેતુની સિધ્ધી માટે અભિયાન નીચેના મૂળભૂત સિધ્ધાંતોને અનુસરે છે.

**સાર્વત્રિક ડિઝાઇન** : - સૌને ઉપયોગી એવાં ઉત્પાદનો, પર્યાવરણો, કાર્યક્રમો અને સેવાઓની રચના કરવી જેમાં સંભવ હોય ત્યાં સુધી કોઈક પ્રકારના પરીવર્તન અથવા વિશિષ્ટ ડિઝાઇનની જરૂર ન પડે.

**વાજબી સમાવેશન** :- કોઈ ખાસ કિસ્સામાં અપ્રમાણસર અથવા અયોગ્ય બોજો નાખ્યા સિવાય PwDs અન્ય લોકો સાથે સમાન ધોરણે તેમના અધિકારો ભોગવી શકે તેવા જરૂરી અને યોગ્ય ફેરફારો અને અનુકૂલનો.



## બંધકામ અને પર્યાવરણની સુગમ્યતા

AIC ના બાંધકામ અને પર્યાવરણની સુગમ્યતા હેઠળ, DEPwD સુલભ જાહેર કેન્દ્રિત ઇમારતોના વિકાસ માટે ભારતભરના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે કામ કરી રહ્યું છે. આ માટે, કેન્દ્ર અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારોએ અભિયાનના તબક્કા I, II અને III માં રીટ્રોફિટ કરવા માટેની ઇમારતોની ઓળખ કરી છે. સુલભતાના નિયમોના અમલીકરણ અને તમામ જાહેર જગ્યાઓ અને ઇમારતોમાં સુલભતાના ઓછામાં ઓછા 10 મૂળભૂત લક્ષણો સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સુલભતાની આ સુવિધાઓ કે જે હાર્મોનાઇઝ્ડ ગાઇડલાઇન્સમાંથી દૂર કરવામાં આવી છે. સેક્ટર સ્પેસિફિક ક્રિયાઓ પણ હાથ ધરવામાં આવી રહી છે જેથી સુલભ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રિત રીતે પ્રોત્સાહન આપવામાં આવે, જેથી ભવિષ્યની નકલ માટે મોડેલ બનાવવામાં આવે.

## પરિવહન પ્રણાલી

પરિવહન ક્ષેત્ર હેઠળ માત્ર રેલ્વે સ્ટેશન્સ, એરપોર્ટ્સ અને બસ સ્ટોપ્સને અવરોધમુક્ત બનાવવાની વિચારણા કરવાની નથી પરંતુ સાધનો અને સેવાઓને પણ સુગમ્ય બનાવવાની છે. રેલ્વે દ્વારા દિવ્યાંગ-મૈત્રીપૂર્ણ ડબ્બાઓ, જુદા જુદા પરિવહન સત્તાધિકારીઓ દ્વારા નીચા ભોયતળીયાવાળી બસો અને એરોબ્રીજ રેંપ્સ એ એવાં પગલાં છે જે સુવિધાપૂર્ણ સાધનો પ્રત્યે દોરી જાય છે. પરિવહન ક્ષેત્રે પૂછપરછ, ટીકીટ ખરીદી આંટા સેવાઓની ખરીદી જેવી સેવાઓને મહત્તમ લાભદાયી રીતે હાથ ધરાવી જોઈએ. સાર્વત્રિક રીતે સુલભ હોય તેવી વધારે આધુનિક, સમાવેશી અને ટકાઉ પ્રણાલીઓના વિકાસ માટે પરિવહન ક્ષેત્રના સુગમ્યતાના ધોરણોને અધતન કરવામાં આવી રહ્યા છે.

## ICT ઇકો સિસ્ટમ

આધુનિક જગતમાં ડિજિટલ અને આભાસી માળખા પરના વધતા જતાં આધારને લીધે આ અભિયાન માહિતી અને સંચાર તકનીકી (ICT)માં પણ સુગમ્યતાના વહેવારોને પ્રોત્સાહિત કરે છે. શ્રવણની ક્ષતિધરાવતાં લોકો ટીવી જોઈ શકે તે માટે કાર્યક્રમોનું ક્લોઝ્ડ કેપ્શનીગ/સબટાઈટલ કરવામાં આવે છે. સરકારી વેબસાઈટો બનાવટી વખતે દ્રશ્ય અને શ્રાવ્ય ક્ષતિવાળા લોકોની વિશેષ જરૂરિયાતોની કાળજી લેવા માટે વેબ સુગમ્યતા માટેની માર્ગદર્શક સૂચનાઓ છે.



# સુગમ્યતાના માટે ડિઝાઇન અંગેના સિધ્ધાંતો

(ચિત્રોનું સ્રોત : દર્શાવેલ કલમ મુજબ હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇંસ)

સુગમ્ય ડિઝાઇન અંગેના સિધ્ધાંતો નીચેના પર આધારિત છે










1. **સહાયક સાધનો અને જરૂરી જગ્યા,**
   હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૩.૧

**વ્હીલ ચેર** – ૧૨૦૦ એમએમ X ૯૦૦ એમએમ (૪ ફૂટ x ૩ ફૂટ) જમીન પર જગ્યા ૧૫૦૦ એમએમ (૫ ફૂટ) વળવા માટેની ત્રિજ્યા

•**ઘોડી** – ઓછામાં ઓછું ૯૨૦ એમએમ (૩.૦૬ ફૂટ)ની અવરોધ વિનાની જગ્યા અને ૩૦૦ એમએમ (૧ફૂટ) સુધીની ઊંચાઈ

- **વાઇટ કેન્સ** – ૯૦૦ એમએમ(૩ ફૂટ)ની અવરોધ વિનાની જગ્યા, ઉપર ૬૦૦ એમએમ


















2. **વ્હીલ ચેર વાપરનારાઓ માટે પહોંચની કક્ષા**

હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૩.૨

- સુગમ્ય પહોંચ - ૯૦૦ એમએમ થી ૧૨૦૦ એમએમ (૩ફૂટ થી ૪ ફૂટ) ૧૩

- નીચેની મહત્તમ પહોંચ – ૨૫૦ એમએમ (૦.૮ ફૂટ) અને ઉપરની પહોંચનું સ્તર ૦૦ એમએમ ( ૪.૩ ફૂટ)

- મહત્તમ બાજુની પહોંચ અવરોધ પર ૮૬૦ એમએમ (૨.૭ ફૂટ) X ૫૦૦ એમએમ (૧.૭૫ ફૂટ) ઉંડાણ ૧૨૦૦ ઇએમઇએમ (૪

3. દ્રષ્ટિ ક્ષેત્ર –
4. હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૩.૩

- **સગવડદાયી દ્રષ્ટિ ક્ષેત્ર** ૯૦૦ એમએમ થી ૧૮૦૦ એમએમ (૩ ફૂટ થી ૬ ફૂટ)

4. ઊચાઇ અને પહોળાઇનું ક્ષેત્ર
   હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૩.૪

**- નિયંત્રણ કરનારા સાધનોની ભોયતળિયાથી ઊચાઇ** ( સ્વીચ બોર્ડ, એલાર્મ બટન્સ વગેરે) ૪૦૦ એમ એમ થી ૧૨૦૦ એમ એમ (૧.૩ ફૂટ થી ૪ ફૂટ)

- **કાઉન્ટર્સ** – મહત્તમ ઊચાઇ ૮૦૦ એમએમ (૨.૫ ફૂટ) કાઉન્ટરની નીચે પગ માટેની જગ્યા ૩૫૦ એમએમ (૧.૧.૫ ફૂટ)

**-દરવાજાની મહત્તમ પહોળાઈ** ૯૦૦ એમએમ (૩ ફૂટ)

# જ્યાં સુગમ્યતાની ખૂબ જરૂર છે

**તમામ સાર્વજનિક ઇમારતો અને સ્થળોએ સાર્વત્રિક સુગમ્યતા જરૂરી છે.**

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ "સાર્વજનિક ઇમારત"ની વ્યાખ્યા આપે છે કે તે એવી સરકારી કે ખાનગી ઇમારત છે જેનો જન સાધારણ દ્વારા સંપર્ક અથવા ઉપયોગ કરવામાં આવે છે, તેમાં શૈક્ષણિક અથવા વ્યાવસાયિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી ઇમારતો, કાર્ય-સ્થળ, વ્યાવસાયિક પ્રવૃતિઓ માટેના સ્થળ, જાહેર ઉપયોગીતાઓ, ધાર્મિક, સંસ્કૃતિક, આનંદ-પ્રમોદની પ્રવૃતિઓના સ્થળ, તબીબી કે ચિકિત્સકીય સેવાઓ, કાનૂનનો અમલ કરાવતી એજન્સીઓ , સુધારણા કેન્દ્રો, ન્યાયિક ફોરમો, રેલ્વે સ્ટેશનો અથવા પ્લેટફોર્મ, રોડવેઝ બસ સ્ટેન્ડ અથવા ટર્મિનસ, એરપોર્ટ અથવા જળમાર્ગો વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સનું પ્રકરણ ૪ હેતુ અથવા ઉપયોગની દ્રષ્ટિએ તેમને નીચેના જૂથોમાં વહેચે છે.






## બાંધકામયુક્ત પર્યાવરણ સુલભતાની 10 મૂળભૂત સુવિધાઓ:

| બાહ્ય (Outdoors) | આંતરિક (Indoors) |
|---|---|
| ૧. સુગમ્ય માર્ગો | ૪. સ્વાગત-કક્ષ |
| ૨. પાર્કિંગ | ૫. પરસાળો |
| ૩. ઇમારતના પ્રવેશદ્વારો | ૬. લિફ્ટ /એલીવેટર |
| | ૭. દાદર / સીઢી |
| | ૮. શૌચાલયો |
| | ૯. પીવાના પાણીની સુવિધાઓ |
| | ૧૦. ચેતવણી માટેની સંજ્ઞાઓ |



# મૂળભૂત સુગમ્યતાની ૧૦ લાક્ષણિકતાઓ, પ્રથમ દ્રષ્ટીએ

| લાક્ષણિકતા | માપ/સ્પેસીફીકેશન |
|---|---|
| **બાહ્ય લાક્ષણિકતાઓ** | |
| સુગમ્ય માર્ગો | ૯૦૦ એમએમ – ૧૮૦૦ એમએમ, લપસી ન પડાય તેવું ફર્શ, અનુભવી શકાય તેવો માર્ગ, નિશાનીઓ ((દિશાસૂચક અને માહિતીપ્રદ), સારી રીતે પ્રકાશિત, અવરોધ વિનાનો રસ્તો |
| સુગમ્ય પાર્કિંગ | 30 મી. ના પ્રવેશ દ્વારની અંદર ૫૦૦૦ એમએમ X 3 ૬૦૦ એમએમ, ટ્રાન્સફર બે, સુલભ માર્ગ સાથેનું જોડાણ, ઊભી અને ફર્શ પર નિશાનીઓ, |
| ઇમારતનું સુગમ્ય પ્રવેશ દ્વાર | ૯૦૦ – ૧૮૦૦ એમએમની ઢોળાવવાળી પહોળાઈ, ૧:૧૨ અને છેડાં પરથી ગોળ કરેલી ગ્રીપ સાથેની,બે જુદી જુદી ઊંચાઈવાળી હેન્ડ રેઇલ,લપસી ન પડાય તેવું ફર્શ, વિરોધી રંગ રચના, ૧૦૦૦ એમએમનો મુખ્ય દરવાજો, દેખાય તે રીતની નિશાનીઓ |
| **આંતરિક લાક્ષણિકતાઓ** | |
| સુગમ્ય પરસાળ | ૧૫૦૦ એમએમ થી ૧૮૦૦ એમએમ, ચોખ્ખી પહોળાઈ, લપસી ન પડાય તેવું ફર્શ, અનુભવી શકાય તેવો માર્ગ, સારી રીતે પ્રકાશિત, ખુરશીઓ, કુંડા વગેરેના અવરોધ વિનાનો રસ્તો, દરવાજા પરસાળમાં ખૂલવા જોઈએ નહી. |
| સ્વાગત કક્ષ | ઓછી ઊંચાઈવાળા કાઉન્ટર્સ (૭૫૦ એમએમ થી ૮૦૦ એમએમ), પહોળાઈ ૭૫૦ એમએમ થી ૯૦૦ એમએમ પગ માટેની જગ્યા ૮૦૦ એમએમ ઊંચાઈ અને કાઉન્ટરની નીચે ૪૮૦ એમએમ ઉંડાઈ, સુલભ લાક્ષણિકતાઓની માહિતી,સંવાદ માટે વૈકલ્પિક માધ્યમ, બ્રેઇલ, શ્રાવ્ય ઈન્ડક્ષન લૂપ |
| લિફ્ટ / એલીવેટર્સ | ૯૦૦ એમએમ પહોળા દરવાજા, પ્રવેશ દ્વાર પર ચેતવણી આપતી ટાઇલ્સ, ૧૫૦૦ એમએમ X ૧૫૦૦ એમએમ લિફ્ટની કારનું માપ, બ્રેઇલ બટન, શ્રાવ્ય માહિતી, ડીજીટલ ડિસ્પ્લે, ત્રણ બાજુ પકડી શકાય તેવા ગ્રેબ-બાર, ચેતવણીનું બટન, પાછળની દીવાલે અરીસો |
| શૌચાલયો | ૨૦૦૦ એમએમ X ૨૨૦૦ એમએમ સેનેટરી ફીટીંગ્સની આસપાસ, જમણા અને ડાબા હાથનો ઉપયોગ કરનાર દ્વારા પકડી શકાય તેવા હેંડલ્સ, ૯૦૦ એમએમનું બહાર ખૂલતા ડબલ દરવાજા, લપસી ન પડાય તેવું ફર્શ, કટોકટીની ચેતવણી માટેનું બટન, બંધ કરવા માટે સાંકળ (વચ્ચે અને નીચે) સરળતાથી વાપરી શકાય તેવા હેન્ડલ અને લીવર પ્રકારના લાંબી ડોકવાળા નળ, ચોખટ હોવી જોઈએ નહી |
| સુગમ્ય દાદર | પગથીયાની સમક્ષિતિજ સપાટી પર વિરોધી રંગોના પટ્ટા, બમણી ઊંચાઈવાળા ખૂણા/સપાટીઓ ગોળ કરેલા હેન્ડ-રેઇલ (૩૮ એમએમ થી ૪૫ એમએમ), ચેતવણી આપતી અનુભવી શકાય તેવી શરૂઆત અને અંતે ટાઇલ્સ, દીવાલ અને હેન્ડ રેઇલ વચ્ચે ૫૦ એમએમની ખાલી જગ્યા જેથી યોગ્ય પકડ આવી શકે. |
| પીવાના પાણીની સુગમ્ય સુવિધા | નીચી ઉંચાઇવાળા કાઉન્ટર્સ (૭૫૦ એમએમ-૮૦૦ એમએમ),કાઉન્ટરની નીચે પગ માટે જગ્યા (૩૦૦ એમએમ), રેંપ્સ, ગટર અથવા પાણીના નિકાલ માટેના કોઈ છીદ્રો નહી, બમણી ઊંચાઈવાળા ફુવારા જેવા સરળતાથી ચાલુ કરી શકાય તેવા નળ |
| નિશાનીઓ | દિશાસૂચક અને માહિતીપ્રદ, વિરોધી રંગોવાળી, સમજવામાં સરળ, અગત્યની જગ્યાઓ પર, ઢંકાઈ ન જાય તે રીતે, પ્રમાણિત, અને વૈકલ્પિક રીતે જેમ કે બ્રેઇલ લીપીમાં, શ્રાવ્ય પધ્ધતિથી, અનુભવી શકાય તેવા નકશા/ બોર્ડ, પ્રાદેશિક ભાષા, નિશાનીઓ જેની ઉપર દર્શાવવામાં આવે તે કાગળ વગેરે માધ્યમ એન્ટી-ગ્લેર પ્રકારનું, મેટ ફીનીશ (ચમક વિનાનું) અને ટકાઉ હોવું જોઈએ. |

# ૧

હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૫.૫
કલમ બી ૨.૨, પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય માર્ગ







# સુગમ્યમાર્ગ




•રસ્તાની લઘુત્તમ પહોળાઈ એક વ્હીલચેર માટે ૧૫૦૦ એમએમ (૫ફૂટ) અને બે વ્હીલચેર એક સાથે પસાર થઈ શકે તે માટે ૧૮૦૦ એમએમ (૬ ફૂટ) હોવી જોઈએ.
•અવરોધ, ઉચકાયેલ / બહાર નીકળેલ રચનાઓ ટાળવી
•ઇમારત સુધીનો સમગ્ર રસ્તો સારી રીતે પ્રકાશિત અને સવલતો / ઉપયોગી સ્થળો પ્રવેશ દ્વાર અને બહાર જવાના રસ્તાને વિરોધી રંગોવાળો અનુભવી શકાય તેવો હોવો જોઈએ.
•માહિતી આપતી અને દિશાસૂચક નિશાનીઓ હોવી જોઈએ.



# સુગમ્યમાર્ગ




•રસ્તો સુશોભન માટેની રચનાઓ / લેન્ડ્સ્કેપીંગ, ગટરના ઢાંકણા, ફૂલ-છોડના કુંડા, પાર્કિંગ વગેરેથી અવરોધાયેલો હોય.
•અનુભવી શકાય તેવો અને યોગ્ય ડિઝાઇનનો સળંગ રસ્તો ન હોય.
•ચેતવણી આપતી કે માર્ગદર્શક ટાઇલ્સ ન હોય અથવા યોગ્ય રીતે લગાવાઈ ન હોય.
•રસ્તા પર પ્રકાશની વ્યવસ્થા ન હોય.
•વ્હીલચેરના હલનચલન માટે બનાવેલ માર્ગ/માર્ગ સાંકડો છે, 1500 મીમી (5 ફૂટ) કરતા ઓછો છે.




## બહારના દર્દીઓનો વિભાગ, ગણેશ દાસ હોસ્પિટલ, શિલોંગ, મેઘાલય

- •હોસ્પિટલની દરેક વીંગને જોડાવા માટે સુગમ્ય પરસાળોની રચના કરવામાં આવી છે.
- •દ્રષ્ટીની ક્ષતિવાળા વ્યક્તિઓ આરામથી હારી ફરી શકે તે માટે વિરોધી રંગોવાલા અનુભવી શકાય તેવા માર્ગો બનાવવામાં આવ્યા છે.
- •વધારાની સલામતી માટે અને જુદી જુદી ઊંચાઈ ધરાવતા લોકો માટે બમણી ઊંચાઈવાળી ગોળ છેડા કરેલી હેન્ડરેઇલ





## રાજીવ ભવન, ભુવનેશ્વર, ઓરિસ્સા

- મુખ્ય ગેટ / દરવાજાથી ઇમારતના પ્રવેશ દ્વાર સુધી સુલભ માર્ગ બનાવવામાં આવ્યો છે.
- માર્ગને વાહનો માટેના રસ્તાથી જુદો રાખવામા આવ્યો છે અને બેરોકટોક હલનચલન માટે તેને અવરોધમુક્ત રાખવામા આવ્યો છે.
- અનુભવી શકાય તેવી ટાઈલ્સ અને વિરોધી રંગો ધરાવતો પહોળો અને સળંગ રસ્તો
- રસ્તા પર રેમ્પ, અનામત પાર્કીંગ વગેરે દર્શાવતી યોગ્ય નિશાનીઓ (દિશાસૂચક અને માર્ગદર્શક) આપવામાં આવી છે.
- રસ્તો આદર્શ રીતે પ્રકાશિત છે.







## રોડ ડીઝાઇન નયા રાયપુર સ્માર્ટ સીટી, છત્તીશગઢ

•ઊપસેલા ટેબલટોપ (વાહનો સરળતાથી પસાર થઈ શકે તે માટે પગે ચાલનારાઓ માટે ઉપસાવેલી અને બંને બાજુ ઢાળવાળી રચના)ના ઉપયોગ દ્વારા સળંગ રોડ ક્રોસીંગ બનાવવામાં આવ્યા છે.

•દ્રષ્ટી-ક્ષતિવાળી વ્યક્તિઓ સરળતાથી રસ્તો ક્રોસ કરી શકે તે માટે અનુભવી શકાય તેવા સળંગ માર્ગો

•આ રચના સાઇકલ ચાલકો, વ્હીલચેરનો ઉપયોગ કરનારાઓ અને પગે ચાલનારાઓ માટે રોડ ક્રોસ કરતી વખતે સલામતી બક્ષે છે.







## સંવેદના પાર્ક, ડીડીઆરસી, ત્રિકમગઢ, મધ્ય પ્રદેશ

•કેડીઓ સહિત વિરોધી રંગોની રચનાવાળા માર્ગદર્શક રસ્તાઓ જે એવા સુલભ માર્ગોનું સર્જન કરે છે જે બેઠક વ્યવસ્થા કે જે હર કોઈ ખુલ્લા સાર્વજનિક સ્થાનની અગત્યની લાક્ષણિકતા હોય છે તેના સહિત,  આ બગીચા / ઉપવનના તમામ અગત્યના ભાગોને જોડે છે.

•ઉપવન / બગીચાની મુલાકાત લેતાં ઉમરલાયક વ્યક્તિઓ, બાળકો અને દિવ્યાંગોને વધારાની સહાય મળે તે માટે બે જુદી જુદી  ઊંચાઈવાળી, ગોળ કરેલા છેડાવાળી  હેન્ડરેઇલ ધરાવતા માર્ગો બનાવવામાં આવ્યા છે.

•વળાંકો અને જ્યાં રસ્તા મળતા હોય તેવા જંકશનો પર  ચેતવણી આપતી અને અનુભવી શકાય તેવી ટાઈલ્સો ધરાવતા  માર્ગો



# ૨

કલમ ૧૦.૧, હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇંસ
કલામ બી ૩, પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય પાર્કિંગ







# સુગમ્ય પાર્કિંગ




- પાર્કિંગની જગ્યાનું માપ ઓછામાં ઓછું ૫૦૦૦ એમએમ X ૩૬૦૦ એમએમ (૧૬ ફૂટ X ૧૨ ફૂટ) હોવું જોઈશે અને તે સુલભ પ્રવેશદ્વાર અને લિફ્ટથી 30 મીટર સુધીના અંતરે નજીક (૧૦૦ ફૂટ)
- વ્હીલચેર વાપરનારાઓ માટે ૧૨૦૦ એમએમ (૪ ફૂટ) પહોળો અને સુલભ માર્ગ સાથે જોડાયેલ સ્થાનાંતર માટેની જગ્યા
- સાઇન-પોસ્ટ અને જમીન પર દર્શાવેલ આંતરરાષ્ટ્રીય નિશાનીઓ વડે ઓળખાતું સુલભ પાર્કિંગ



# સુગમ્ય પાર્કિંગ




- દિવ્યાંગો માટે કોઈ અનામત પાર્કિંગ નહી, અને જો હોય તો પણ પ્રવેશદ્વારની નજીક નહી.
- પ્રમાણિત નિશાનીઓ નહી- જમીન પર માર્કિંગનો અભાવ, ઊભા સાઇન-બોર્ડ ન હોવા, દર્શાવવામાં આવેલ નિશાનીઓ પણ યોગ્ય રીતે નજરે ચડે તેવી રીતે દર્શાવેલી ન હોવી.
- વ્હીલચેર વાપરનારાઓ માટે તેના પરથી ઉતારવા અને ચઢવા માટેનું કોઈ સ્થળ ન હોવું
- અવરોધ વિહીન સુગમ્યમાર્ગ સાથે-જોડાયેલા ન હોવું.



## ભારતીય પ્રાણીશાસ્ત્ર સર્વેક્ષણ, પુણે, મહારાષ્ટ્ર

•પાર્કિંગ ઇમારત તરફ જતાં સુલભ માર્ગ સાથે જોડાયેલું છે.
•પાર્કિંગમાં જમીન પર નિશાનીઓ કરેલ છે ઉપરાંત ઊભા સ્તંભ પર પણ નિશાનીઓ દર્શાવેલી છે.
•એક સ્થાનાંતર માટેની જગ્યા પણ છે જેના પર ચેતવણી દર્શાવેલ છે અને માર્ગદર્શક અનુભવી શકાય તેવી ટાઇલ્સ જડેલી છે જે રસ્તા તરફ દોરી જાય છે.





## રાજામુંદ્રી એરપોર્ટ, આંધ્ર પ્રદેશ

•પાર્કિંગ પ્લોટના પ્રવેશ  અને નિકાશના સ્થળની નજીક દિવ્યાંગ લોકો માટે પાર્કિંગ માટે મોટી જગ્યા અનામત રાખવામા આવી છે.

•પાર્કિંગ પ્લોટમાં જમીન પર સુલભતાની સાર્વત્રિક નિશાનીઓ દોરવામાં આવી છે. અને દરેક પાર્કિંગ પ્લોટમાં વ્હીલચેરના ઉપયોગકર્તાઓ માટે ઉતરવવા અને ચઢવા માટે સ્થાનાંતર માટેની જગ્યાની જોગવાઈ કરવામાં આવી છે.








## જયદેવ ભવન, ભુવનેશ્વર, ઓરિસ્સા

- દિવ્યાંગ વ્યક્તિઓ માટેના પાર્કિંગ પ્લોટમાં જમીન પર સ્પષ્ટ રીતે દેખાય તે પ્રમાણે નિશાનીઓ કરી છે અને સ્થંભો પર સાઇન બોર્ડ મૂકવામાં આવ્યા છે.
- પાર્કિંગ પ્લોટનો વિસ્તાર મોટો છે અને વ્હીલચેરના ઉપયોગકર્તાઓ માટે ઉતરવા અને ચઢવા માટે સ્થાનાંતર માટેની જગ્યાની જોગવાઈ કરવામાં આવી છે.





## તૂરા સિવિલ હોસ્પિટલ, શિલોંગ, મેઘાલય

•ઇમારતની નજીક પ્રવેશ પાસે પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવ્યા છે.
•દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખવામા આવેલા પાર્કિંગ પ્લોટમાં જમીન પર અને સ્તંભ પર એમ બંને રીતે સ્પષ્ટ નિશાનીઓ આપવામાં આવી છે.
•વ્હીલચેરના ઉપયોગકર્તાઓ માટે ઉતરવવા અને ચઢવા માટે એક સામાન્ય (common) સ્થાનાંતર માટેની જગ્યા સાથે દિવ્યાંગ વ્યક્તિઓ માટે બે (૨) પાર્કિંગ પ્લોટ રાખવામાં આવ્યા છે.








## ડીડીઆરસી, ઉજ્જૈન, મધ્ય પ્રદેશ

•દૂરથી દેખાતા સાઇન નિશાનીઓ વાળા સાઈનબોર્ડ સાથે ઇમારતના નજીકમાં પાર્કિંગ બનાવવામાં આવેલું છે.

•પાર્કિંગમાથી જતો માર્ગ પહોળા ઢાળ મારફત ઇમારતના પ્રવેશદ્વારને સીધો જ જોડે છે.

•પ્રવેશમાં અનુભવી શકાય તેવી માર્ગદર્શક નિશાનીઓ અને બે જુદી જુદી ઊંચાઈવાળી, ખૂણા ગોળ કરેલ હેન્ડરેઇલ, વધારાના ટેકા માટે આપવામાં આવી છે.



# 3

હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સની કલમ ૫.૪ અને ૭.૨
કલમ બી-૪ અને બી-૬ પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય પ્રવેશ દ્વાર



ચિત્ર સંદર્ભ સ્રોત : નેશનલ બિલ્ડીંગ કોડ ભાગ ૩, પ્રકરણ ૧૩



# સુલભ પ્રવેશદ્વાર




▪લઘુત્તમ ૧૨૦૦ એમએમની પહોળાઈ ધરાવતો, અવરોધ વિનાનો ૧ : ૧૨ ના પ્રમાણવાળો પ્રવેશ દ્વાર સુધીનો રેમ્પ / ઢાળ અને ઓછામાં ઓછો ૧૦૦૦ એમએમ પહોળો દરવાજો.

▪રેમ્પની બંને બાજુ ગોળ કરેલા સળંગ હેન્ડ રેઈલીંગ (૭૬૦એમએમ (૨.૫ ફૂટ) અને ૯૦૦ એમએમ (૩ ફૂટ)) . રેમ્પની શરૂઆત અને અંતમાં હેન્ડ રેઈલીંગ પર બ્રેઇલ સૂચક નિશાનીઓ પણ આપી શકાય.

▪શરૂઆતમાં અને અંતે ચેતવણી આપતી ટાઇલ્સ અને લપસી ન પડાય તેવું ફર્શ, લેન્ડીંગ અને નિશાનીઓ ફરજિયાત છે.



# સુલભ પ્રવેશદ્વાર




•કોઈ રેમ્પ / ઢાળ નહી. જો હોય તો પણ તે સીધો, સાંકળો અને લપસી પડાય તેવો હોય.

•હેન્ડ રેઇલ આપેલી નથી અથવા આપી હોય તો પ્રમાણિત ડિઝાઇન મુજબ નથી રેમ્પ પર ચેતવણી આપતી ઊપસેલી ટાઇલ્સ, બ્રેઇલ સૂચક નિશાની અથવા સંજ્ઞાઓ નથી.

•રેમ્પ પર સુશોભન માટેની સામગ્રી, ઊપસેલ રચનાઓ પાર્કિંગ વગેરેનો અવરોધ.




## રબિન્દ્ર મંડપ, ભુવનેશ્વર, ઓરિસ્સા

•ઇમારત સાથે ભળી જતી સંપૂર્ણતા સાથેનો રેમ્પ /ઢાળ તેની ભવ્યતાને પૂર્ણતા બક્ષે છે.

•રેમ્પને ચેતવણી આપતી ટાઈલ્સો અને બે જુદી જુદી ઊંચાઈવાળી, ખૂણા ગોળ કરેલી હેન્ડ-રેઇલ સાથે અનુભવી શકાય તેવા માર્ગથી સુલભ બનાવવામાં આવ્યો છે.

•રેમ્પ ઉપર સ્પષ્ટ રીતે દેખાય તેવી નિશાનીનું સાઇન બોર્ડ મૂકીને તેને ઓપ અપાયો છે.





## સરકારી સંગ્રહાલય, એગ્મોર, ચેન્નાઇ, તામિલનાડુ

•આ ઇમારત સાંસ્કૃતિક વારસાનું મૂલ્ય (Heritage Value) ધરાવતી હોવાથી તેમાં લઘુત્તમ ફેરફારો કરીને તેને સુગમ્ય બનાવવામાં આવી છે.

•ચેતવણી આપતી ટાઈલ્સોથી અંત પામતા અનુભવી શકાય તેવો સળંગ માર્ગ રેમ્પ સાથે જોડીને પ્રવેશને સુગમ્ય બનાવવામાં આવ્યો છે.

•રેમ્પ ઉપર સલામતી, સગવડ અને સુરક્ષા માટે બે જુદી જુદી ઊંચાઈની, ખૂણા ગોળ કરેલી હેન્ડ રેઇલ મૂકવામાં આવી છે.





## અધિક સચિવાલયની ઇમારત, શિલોંગ, મેઘાલય

•ઇમારતની પ્લિન્થ સુધી પહોંચવા પગથિયાં સાથેનો રેમ્પ મૂકીને પ્રવેશને સુલભ બનાવવામાં આવ્યો છે.

•રેમ્પ ઉપર હળવો ઢાળ અને શરૂઆતમાં, મધ્યમાં અને અંતે ચેતવણી આપતી ટાઈલ્સો મૂકીને અને અનુભવી શકાય તેવો માર્ગ બનાવીને તેને ઓપ અપાયો છે.

•બે જુદી જુદી ઊંચાઈની, ખૂણા ગોળ કરેલી હેન્ડરેઇલ સાથે દીવાલ સાથે મૂકવામાં આવેલી હેન્ડરેઇલ વધારાનો આધાર પૂરો પાડે છે.








## કલેક્ટર કચેરી, કુન્નુર, કેરાલા

•પ્રવેશદ્વાર આગળ ધીમે ધીમે વધતો ઢાળ તેને સુલભ બનાવે છે.
•પગથિયાં સાથે, ઇમારતમાં પ્રવેશ માટે અનુભવી શકાય તેવો, બમણી ઊંચાઈવાળી હેન્ડરેઇલ ધરાવતો માર્ગદર્શક પથયુક્ત રેમ્પ તેને પૂરક બને છે.
•ચેતવણી આપતી ટાઈલ્સો દ્વારા સુલભતાને વધારવામાં આવી છે.





## એકાઉન્ટન્ટ જનરલની કચેરી, કોહિમા, નાગાલેન્ડ

•ઇમારતને સુગમ્ય બનાવવા માટે પ્રવેશદ્વાર આગળ બંને બાજુ બે જુદી જુદી ઊંચાઈવાળી, ગોળ કરેલા ખૂણા ધરાવતી હેન્ડ રેઇલવાળો રેમ્પ મૂકવામાં આવ્યો છે.

•રેમ્પને અવરોધમુક્ત રાખવામા આવ્યો છે. ઉપરાંત ચેતવણી આપતી ટાઈલ્સો અને અનુભવી શકાય તેવા માર્ગદર્શક પાઠ દ્વારા તેની સુગમ્યતા વધારવામાં આવી છે.





## મિઝોરમ યુનિવર્સીટીનું દિવ્યાંગતાના અભ્યાસ માટેનું કેન્દ્ર આઇઝલ, મિઝોરમ

•ઇમારતના પ્રવેશ માટે વિરોધી રંગોવાળો અને અનુભવી શકાય તેવો માર્ગદર્શક પથયુક્ત ધીમે ધીમે વધતો ઢાળ મૂકવામાં આવ્યો છે.

•સુગમ્યતા વધારવા રેમ્પની પહેલા ચેતવણી આપતી ટાઈલ્સો મૂકવામાં આવી છે.

•રેમ્પ, ઇમારતના અંદરના ભાગ સુધી અનુભવી શકાય તેવા માર્ગદર્શક પથ તરીકે ચાલુ રહે છે.



# ૪

કલમ ૫.૧૧, હારમોનાઇઝ્સ ગાઈડલાઇંસ
કલમ બી ૧૦,પ્રકરણ ૧૩,ભાગ 3,એનબીસી ભાગ ૧

# સુગમ્ય સ્વાગત કાઉન્ટર



ચિત્ર સંદર્ભ સ્ત્રોત : નેશનલ બિલ્ડીંગ કોડ ભાગ ૧, પ્રકરણ ૧૩



# સુગમ્ય સ્વાગત કાઉન્ટર




•સ્વાગત અથવા માહિતી કાઉન્ટરને ઓછી ઊંચાઈ (૮૦૦એમએમ ૨.૭ ફૂટ) અથવા નિશાનીવાળા બમણી ઊંચાઈવાળા કાઉન્ટર દ્વારા સુગમ્ય બનાવવામાં આવ્યા છે. કાઉન્ટરની સામે બાજુએ ૯૦૦ એમએમ x ૧૨૦૦એમએમ (૩ ફૂટ x ૪ફૂટ )ની અવરોધ વિનાની જગ્યા,કાઉન્ટરની નીચે ૮૦૦ એમએમની (૨.૭૫ ફૂટ) પગ રાખવા માટેની જગ્યા અને મહત્તમ ઊંડાઈ ૪૮૦ એમએમ (૧.૬ ફૂટ)

•વાતચીત કરવા માટે વૈકલ્પિક માધ્યમ – ઇન્ડકશન લૂપ, બ્રેઇલ, શ્રાવ્ય સંદેશા વગેરે.

•ઇમારતમાં સુગમ્ય સવલતોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

•કર્મચારી ગણની આ બાબતો પ્રત્યે સંવેદનશીલતા



# સુગમ્ય સ્વાગત કાઉન્ટર




•બિન-સુગમ્ય કાઉન્ટર / નાના ઓરડામાં બનાવેલું કાઉન્ટર

•કાઉન્ટરની નીચે પગ મૂકવાની જગ્યા આપેલી નથી અથવા કાઉન્ટરની ઉપરનો ભાગ ખૂબ ઊંડો

•સુગમ્યતાની લાક્ષણિકતાઓ અંગેની માહિતી ઉપલબ્ધ નથી અથવા મર્યાદિત માહિતી ઉપલબ્ધ છે.

•માહિતી વૈકલ્પિક ફોર્મેટમાં ઉપલબ્ધ નથી.

## કૃષ્ણનગર મેટ્રો સ્ટેશન, લખનઉ, ઉત્તર પ્રદેશ

•સ્રોત : https://themetrorailguy.com/2017/lmrcs-releases-lucknow-metro-fare-chart-card-info/

•મેટ્રો સ્ટેશન પર ઓછી ઊંચાઈવાળું ટિકીટ કાઉન્ટર દિવ્યાંગ વ્યક્તિઓની જરૂરિયાતોને ધ્યાને રાખીને કાળજીપૂર્વક બનાવવામાં આવ્યું છે.

•સારી રીતે સમજી શકાય અને સાંભળવાની અને બોલવાની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ સાથે સંવાદ માટે  તે માટે ડિજીટલ ડિસ્પ્લે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

•કાઉન્ટર પર સ્પષ્ટપણે જોઈ શકાય તેવી નિશાનીઓ આપવામાં આવી છે.

•કાઉન્ટર સુધી પહોંચવા માટે સ્ટેનલેસ સ્ટીલના ઉપયોગ વડે ચેતવણી માટેના ‘પેચ’વાળો માર્ગ બનાવવામાં આવ્યો છે.



## નેતાજી સુભાસ ચંદ્ર બોઝ ઇન્ટરનેશનલ એરપોર્ટ, કોલકત્તા, પશ્ચિમ બંગાળ

•વ્હીલચેર વાપરનારાઓ સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે ઓછી ઊંચાઇવાળું સુગમ્ય કાઉન્ટર
•દૂરથી જ સરળતાથી દેખાઈ શકે તે માટે કાઉન્ટર પર સ્પષ્ટ નિશાની મૂકવામાં આવી છે.
•હેલ્પ-ડેસ્ક સુધી પહોંચવાના માર્ગ પર અનુભવી શકાય તેવા સ્ટેનલેસ સ્ટીલના ઉપયોગ વડે ચેતવણી માટેના બટન મૂકવામાં આવ્યા છે.






## દેહરાદૂન રેલ્વે સ્ટેશન, દેહરાદૂન, ઉત્તરાખંડ

- દ્રષ્ટીની ક્ષતિવાળા વ્યક્તિઓ માટે પ્રવેશદ્વાર પર જ સ્પર્શથી સમજી શકાય તેવો સમગ્ર સ્ટેશનનો નકશો મૂકવામાં આવ્યો છે.
- સરળતાથી પહોંચી શકાય તેટલી ઊંચાઈ પર નકશાને મૂકવામાં આવ્યો છે.








## મજૂર અદાલત, ફરીદાબાદ, હરીયાણા

- દ્રષ્ટીની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે ઇમારતના સમગ્ર લેઆઉટનો અનુભવી શકાય તેવો નકશો મૂકવામાં આવ્યો છે.
- સરળતાથી પહોંચી શકાય તેટલી ઊંચાઈ પર નકશાને મૂકવામાં આવ્યો છે.








## સચિવાલય, ચેન્નાઈ, તામિલનાડુ

•પ્રવેશદ્વાર પર જ દ્રષ્ટીની ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે ઇમારતના સમગ્ર લેઆઉટનો અનુભવી શકાય તેવો નકશો મૂકવામાં આવ્યો છે.

•સરળતાથી પહોંચી શકાય તેટલી ઊંચાઈ પર બોર્ડને મૂકવામાં આવ્યું છે.





# ૫

કલમ ૫.૫., હાર્મોનાઇઝ્ડ ગાઈડ્લાઈન્સ
કલમ બી ૫.૨, પ્રકરણ ૧૩, ભાગ 3, એનબીસી ભાગ ૧

# સુગમ્ય પરસાળો



ચિત્ર સંદર્ભ સ્રોત : https://www.gradus.com/files/webfm/brochure_-_wall_protection_systems_-_march_2017_update_dec_2018.pdf



# સુગમ્ય પરસાળ




•ચોખ્ખી ૧૫૦૦ એમએમ થી ૧૮૦૦ એમએમ (૫ ફૂટ થી ૬ ફૂટ)ની સળંગ પહોળાઇ સાથે લપસી ન પડાય તેવા ફર્શ અને અનુભવી શકાય તેવા માર્ગ સાથે
•૧૫૦ લક્સ (150 lux)નું પ્રકાશનું સ્તર જળવાવવું જોઈએ. ક્યાય અંજાઈ જવાય તેવો પ્રકાશ નહી પરંતુ સારી રીતે પ્રકાશિત ભાગ.
•દિશાસૂચક અને માહિતીપ્રદ નિશાનીઓ હોવી જોઈએ.
•જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી ઊંચાઈ પર આવેલી બે હેન્ડરેઇલ સળંગ રાખવી જોઈએ.
•ઓરડાના દરવાજા બહારની બાજુ ખૂલવા જોઈએ નહી.



# સુગમ્ય પરસાળ




•ચોખ્ખી ૧૫૦૦ એમએમ થી ૧૮૦૦ એમએમ (૫ ફૂટ થી ૬ ફૂટ)ની સળંગ પહોળાઇનું પાલન કરવામાં આવ્યું નથી.
•લપસી ન પડાય તેવા ફર્શ અને અનુભવી શકાય તેવા માર્ગ નથી. ફર્શ પર સ્પષ્ટ વિરોધી રંગો નથી.
•રસ્તાને ફૂલ-છોડના કુંડા, બેઠક વ્યવસ્થા વગેરે જેવા અવરોધોથી મુક્ત રાખવામા આવ્યો નથી.
•અપૂરતો પ્રકાશ અને પરસાળની અંદર ઘેરા રંગોનો ઉપયોગ.
•હલન-ચલનની દિશામાં અનુભવી શકાય તેવી માર્ગદર્શક ટાઇલ્સ બેસાડવામાં આવી નથી.



## ખેતી નિયામકની કચેરી, ચેન્નાઈ, તામિલનાડુ

•અગત્યના સ્થળોએ જેમાં કે દરવાજા આગળ, લિફ્ટની સામે અને દાદરની શરૂઆત અને અંતે ચેતવણી આપતી ટાઈલ્સોવાળો અને સળંગ અનુભવી શકાય તેવો સુગમ્ય માર્ગ બનાવીને આ ઇમારતના પરસાળને સુલભ બનાવવામાં આવ્યો છે.

•પરસાળ પૂર્ણ પ્રકાશિત છે અને હલન-ચલનમાં નડતર બને તેવા કોઈ અવરોધ નથી.





## ગુરુ તેગ બહાદુર હોસ્પિટલ, દીલ્હી

•હોસ્પિટલની પરસાળને અનુભવી શકાય તેવા માર્ગદર્શક રસ્તા પર પીવીસીના બટન્સ મૂકીને વધારે સારી રીતે ઓળખી શકાય તેવો બનાવીને સુલભ બનાવવામાં આવ્યો છે. ઉપરાંત, તેના પર સ્પષ્ટ વિરોધી રંગોનો ઉપયોગ થયો છે.

•પરસાળમાં ઊંચાઈ પર  છેડા ગોળ કરેલી બે હેન્ડરેઇલીંગ્સ  પણ આપવામાં આવી છે.

•પરસાળ પૂર્ણ પ્રકાશિત છે અને હલન-ચલનમાં  નડતર બને  તેવા કોઈ અવરોધ નથી.







## સિવિલ સ્ટેશન, કલ્પેટ્ટા, કેરાલા

•સ્થળની ભૌગોલિક રચનાને કારણે સુગમ્ય પરસાળો દ્વારા ઇમારતના દરેક માળને જોડવામાં આવ્યા છે.

•દ્રષ્ટીની ક્ષતિવાળા વ્યક્તિઓ સરળતાથી હરી ફરી શકે તે માટે, સારી રીતે વિરોધી રંગો ધરાવતા અનુભવી શકાય તેવો માર્ગ.

•જુદી જુદી ઊંચાઈવાળા લોકોની  વધારાની સલામતી અને સહાય માટે પરસાળમાં ઊંચાઈ પર  છેડા ગોળ કરેલી બે હેન્ડરેઇલીંગ્સ.





## વીર સાવરકર ઈન્ટરનેશનલ એરપોર્ટ, પોર્ટ બ્લેઇર, અંદામાન અને નિકોબાર ટાપુઓ

•એરપોર્ટની અંદર સ્ટેનલેસસ્ટીલના બટન્સના ઉપયોગથી અનુભવી શકાય તેવો સુગમ્ય માર્ગ બનાવવામાં આવ્યો છે.
•માર્ગ પર અગત્યની જગ્યાઓ પર ચેતવણી આપતી ટાઇલ્સ લગાડવામાં આવી છે.





# ૬

કલમ ૭.૪, હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સ
કલમ બી ૬.૪, પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય લિફ્ટ / એલિવેટર્સ

ચિત્ર સંદર્ભ સ્રોત : https:/www.bca.gov.sg/data/ImgCont/202/dimension.htm



# સુગમ્ય લિફ્ટ




•લિફ્ટની અંદરનું માપ ઓછામાં ઓછું ૧૫૦૦ એમએમ x ૧૫૦૦ એમએમ (૫ ફૂટ x ૫ ફૂટ) હોવું જોઈએ. શક્ય હોય તો ૧૩ પેસેન્જર્સની ક્ષમતા, પકડવા માટેનો બાર ૯૦૦ એમએમ (૩ ફૂટ)ની ઊંચાઈ પર

•દરવાજાની લઘુતમ પહોળાઈ ૯૦૦ એમએમ (૩ ફૂટ) જાળવવી

•બ્રેઇલ બટન્સ, શ્રાવ્ય સંદેશાના પ્રસારણની વ્યવસ્થા, ડિજિટલ ડિસપ્લે, એલાર્મ બટન, ઈમરજન્સી બ્રેક, પાછળની દીવાલ પર અરીસો, અને અન્ય ઓપરેટીંગ મિકેનિઝમ (કંટ્રોલ પેનલ) જેવી ફરજિયાત રીતે સમાવેશ કરાતી બાબતો ૬૫૦ એમએમ (૨.૧૫ ફૂટ) થી ૮૦૦ એમએમ (૨.૩ ફૂટ)ની ઊંચાઈ પર હોવી જોઈએ.

•લિફ્ટની બહાર નિશાની અને ચેતવણી માટેની ટાઇલ્સ હોવી જોઈએ.



# સુગમ્ય લિફ્ટ




•લિફ્ટની સાઇઝ પૂરતી નથી (એક વ્હીલચેર માટે પણ) અથવા દરવાજો પૂરતો પહોળો નથી.

•પકડવા માટેના બાર્સ, બ્રેઇલ બટન્સ, શ્રાવ્ય સંદેશાના પ્રસારણની વ્યવસ્થા, અરીસો, એલાર્મ બટન, જેવી ફરજિયાત રીતે સમાવેશ કરાતી બાબતો નથી અથવા પહોંચી ન શકાય તેવી ઊંચાઈ પર અથવા સરળતાથી જોઈ શકાય તેવી રીતે મુકેલ નથી.

•લિફ્ટના દરવાજા આગળ ચેતવણી આપતી ટાઇલ્સ નથી અથવા ખોટી રીતે મૂકવામાં આવી છે.



## સચિવાલય, જયપુર, રાજસ્થાન

•બહારના ભાગમાં યોગ્ય ઊંચાઈએ માળ અને લિફ્ટની હલન-ચલનની દિશા દર્શાવાતા ડિસપ્લે અને બ્રેઇલ નિશાની આપીને લિફ્ટને સુલભ બનાવવામાં આવી છે.
•લિફ્ટના દરવાજા સામે ચેતવણી આપતી ટાઇલ્સ મૂકવામાં આવી છે.
•મર્યાદિત અંગ-ચેષ્ટા કરી શકતી વ્યક્તિઓ માટે પહોળો, સ્વયંસંચાલિત દરવાજો તેવા વ્યક્તિઓ માટે લિફ્ટના ઉપયોગને સુલભ બનાવે છે.






## રાજ્ય ગ્રંથાલય, સેક્ટર ૧૭, ચંડીગઢ

•લિફ્ટના દરવાજા પાસે ચેતવણી આપતી ટાઈલ્સના ઉપયોગથી લિફ્ટના ઉપયોગને સરળ બનાવવામાં આવ્યો છે.

•વ્હીલચેર વાપરનારા માટે બટન્સ યોગ્ય ઊંચાઈએ મૂકવામાં આવ્યા છે.

•વ્હીલચેર વાપરનારા માટે પૂરતા પહોળા દરવાજા રાખવામા આવ્યા છે..








## હૈદરાબાદ મેટ્રો, હૈદરાબાદ, તેલંગાણા

•મેટ્રોની લિફ્ટ યોગ્ય રીતે પહોળી છે અને ડિજિટલ ડિસપ્લે અને નિશાનીઓ જેવી લાક્ષણિકતાઓ દેખાય તે રીતે પૂરી પાડવામાં આવી છે.

•બ્રેઇલ બટન્સ વ્હીલચેરવાળી વ્યક્તિઓ અને કોઈ પણ ઊંચાઈવાલી વ્યક્તિ ઉપયોગ કરી શકે તેટલી ઊંચાઈ પર  મૂકવામાં આવેલા છે. લિફ્ટના દરવાજા સામે ચેતવણી આપતી ટાઇલ્સ પૂરી પાડવામાં આવી છે.

•મર્યાદિત અંગ-ચેષ્ટા કરી શકતી વ્યક્તિઓ માટે પહોળો, સ્વયંસંચાલિત દરવાજો તેવા વ્યક્તિઓ માટે લિફ્ટના ઉપયોગને સુગમ્ય બનાવે છે.





## શ્રી ગુરુ રામદાસજી ઇન્ટરનેશનલ એરપોર્ટ, અમૃતસર, પંજાબ

- લિફ્ટ એટલી પહોળી છે કે તેની અંદર કોઈ તકલીફ વિના વ્હીલચેર ફેરવી શકાય છે.
- લિફ્ટમાં રંગીન બ્રેઇલ બટન, માળની જાહેરાત કરતાં સ્પીકર્સ અને ઈમરજન્સી ટેલીફોનની સુલભતાની લાક્ષણિકતાઓ છે. આ બાબતો ધરાવતી પેનલ ઊંચાઇ માટેના સાર્વત્રિક ધોરણો અનુસારની છે.
- વધારાની સહાય માટે લિફ્ટની અંદર ત્રણેય બાજુ પકડવા માટેના બાર્સ આપેલા છે.





## સરકારી સંગ્રહાલય, ચેન્નાઈ, તામિલનાડુ

•જ્યાં જગ્યાનો અભાવ છે ત્યાં હાઈડ્રોલિક લિફ્ટ આપવામાં આવી છે.
•હળવેથી વધતાં રેમ્પ /ઢાળ દ્વારા આ લિફ્ટમાં પ્રવેશ સુવિધાજનક બનાવવામાં આવ્યો છે.
•વ્હીલચેરનો ઉપયોગ કરનારી વ્યક્તિઓ પણ સરળતાથી ઉપયોગ કરી શકે તે રીતે લિફ્ટને ચલાવવાના બટન્સની પેનલ મૂકવામાં આવી છે.





## સરકારી સંગ્રહાલય, ચેન્નાઈ, તામિલનાડુ

•જ્યાં જગ્યાના અભાવે અથવા ટોપોગ્રાફીના/સપાટીના કારણે લિફ્ટ શક્ય નથી ત્યાં ઊંચાઈના તફાવતને પહોચી વળવા વ્હીલચેરવાળી વ્યક્તિ માટે પ્લેટફોર્મ લિફ્ટ પૂરી પાડવામાં આવી છે.

•પ્લેટફોર્મ લિફ્ટ પર વ્હીલ ચેરને આસાનીથી ચઢાવવા અને ઉતારવા માટે તેની સાથે kerb ramp અને સલામતી અને સુરક્ષા માટે વાળી શકાય/બંધ કરી શકાય તેવી હેન્ડરેઇલ પણ આપવા જોઈશે.

•જો શક્ય હોય તો પ્લેટફોર્મ પર વ્હીલ લોક કરવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી વ્હીલચેર એક જ સ્થળે સલામત રહે.





## સરકારી સંગ્રહાલય, ચેન્નાઈ, તામિલનાડુ

•સુલભ ઊભી મુસાફરી (vertical travel) માટે ચેર લિફ્ટનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે જે ખાસ કરીને વયોવૃધ્ધ લોકો, બાળકો અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ લાભપ્રદ છે.

•હાથ મૂકવા માટેનું હેન્ડલ અને ઘણા કિસ્સામાં સેફ્ટી બેલ્ટ વધારાની સુવિધા અને સલામતી પૂરાં પાડે છે.

•વિસ્તારની મર્યાદાવાળી જૂની  અથવા ધરોહરરૂપ /હેરિટેજ ઇમારતોમાં ઓછામાં ઓછો વિક્ષેપ કરીને સુગમ્યતા ઊભી કરવા માટેનો આ ઉત્તમ વિકલ્પ છે.



ચિત્ર સંદર્ભ સ્ત્રોત : https://in.pintrerest.com/pin/431993789248726147/

# ૭

કલમ ૭.૩, હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇંસ
કલમ બી ૬.૩, પ્રકરણ ૧૩, ભાગ ૩ એનબીસી ભાગ ૧

# સુગમ્ય દાદર



ચિત્ર સંદર્ભ સ્ત્રોત : https://in.pintrerest.com/pin/431993789248726147/



# સુલભ દાદર




•૨૫૦ એમએમ (૯ ફૂટ) પહોળાઈ અને ૧૫૦ એમએમ (૪.૫ ફૂટ) ઊંચાઈવાળા નિયમિત પગથિયાં, છેડે વિરોધી રંગોના પટ્ટા (અંધારામાં ચમકે  તેવા) સહિતના દાદર

•દાદર જ્યાં હોય તે લોબી પૂર્ણ પ્રકાશિત હોવી જોઈએ.

•હેન્ડરેઇલ પર શરૂઆતમાં અને અંતે બ્રેઇલ સૂચક અને ચેતવણી આપતી ટાઇલ્સ

•દાદર પર બંને બાજુ સળંગ બમણી, છેડા ગોળ કરેલી હેન્ડરેઇલ (૭૬૦ એમએમ અને ૯૦૦ એમએમ) પૂરી પાડવી. હેન્ડરેઇલની પાઈપનો વ્યાસ ૩૮ એમએમ થી ૪૫ એમએમ અને દીવાલથી અંતર ૫૦ એમએમનું રાખવું.



# સુલભ દાદર




•અનિયમિત અથવા ઊંચા અથવા સાંકડા પગથિયાં આપવામાં આવેલા છે.

•વિરોધી રંગના પટ્ટા આપેલા નથી અથવા સીધી સપાટી પર આપેલા હોવાથી દેખાતા નથી અથવા ખોટી ડિઝાઇન અને પ્રતિબિંબિત ન કરે તેવા છે.

•ઘણી વખતે ધાર /છેડા ગોળ કર્યા વિનાના અથવા તૂટેલા હોય છે.

•હેન્ડરેઇલ ધોરણો મુજબ બનાવવામાં આવી નથી અથવા બંને બાજુ મૂકવામાં આવી નથી અથવા દીવાલની ખૂબ નજીક હોવાથી યોગ્ય પકડ ધરાવતી નથી.

•ચેતવણી આપતી ટાઇલ્સ આપવામાં આવી નથી.

## ખેતી નિયામકની કચેરી, ચેન્નાઈ, તામિલનાડુ

- દાદરના દરેક પગથિયાં પર સમ-ક્ષિતિજ દિશામાં વિરોધી રંગો વાપરીને તેમને ઉઠાવ આપવામાં આવ્યો છે. તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે તે દાદરની નીચેથી અને ઉપરથી, એમ બંને તરફથી નજરે ચડે.
- દાદરની શરૂઆતમાં અને અંતે બંને સ્થળે ચેતવણી આપતી ટાઇલ્સ પૂરી પાડવામાં આવી છે.
- દાદરની બંને બાજુ છેડા ગોળ કરેલી, બમણી હેન્ડરેઇલ આપવામાં આવી છે.







# મુખ્ય સચિવાલય ભવન, શિલોંગ, મેઘાલય

•પગથીયાઓ ઉપર ઊભા અને આડા (સમ-ક્ષિતિજ) વિરોધી રંગોના પટ્ટાઓ વડે પગથીયાના છેડા  ઓછી/નબળી દ્રષ્ટી ધરાવતા વ્યક્તિઓ સહિત દરેકને દેખાય તેવા બનાવવામાં આવ્યા છે.
•દાદર પર અને તે જ્યાથી શરૂ થાય છે અથવા પૂરું થાય છે ત્યાં પણ છેડા ગોળ કરેલી બમણી હેન્ડરેઇલ આપવામાં આવી છે.
•દાદરની શરૂઆતમાં અને અંતે ચેતવણી આપતી ટાઇલ્સ મૂકવામાં આવી છે.





## મજૂર અદાલત, ફરિદાબાદ, હરિયાણા

•પરસાળને અવરોધમુક્ત રાખવાના અને અનુભવી શકાય તેવા સળંગ માર્ગદર્શક પથવાળી સુલભ પરસાળનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

•પગથીયાની ધારો/ છેડા સ્પષ્ટપણે દેખાય તે માટે તેમની સપાટી પર આડા અને ઊભા વિરોધી રંગોના પટ્ટા દોરવામાં આવ્યા છે.

•છેડા ગોળ કરેલી બમણી હેન્ડરેઇલ આપવામાં આવી છે.

•ફોટોગ્રાફમાં દર્શાવ્યા અનુસાર લિફ્ટની આગળ અને દાદરને શરૂઆત અને અંતે ચેતવણી આપતી ટાઇલ્સ લગાડવામાં આવી છે.





# ૮

પ્રકરણ ૮, હાર્મોનાઇઝ્ડ ગાઇડલાઇન્સ
કલમ બી ૯, પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય શૌચાલયો







# સુગમ્ય શૌચાલય






•શૌચાલયનું લઘુત્તમ માપ ૨૦૦૦ એમએમ X ૨૦૦૦ એમએમ (૬.૫ ફૂટ x ૬.૫ ફૂટ) હોવું જોઈએ જેથી વ્હીલચેર વાપરનારા તેને શૌચાલયમાં સરળતાથી ઉપયોગમાં લઈ શકે.
•ફર્શનું ફીનીશીંગ – શૌચાલયમાં વિરોધી રંગોવાળું અને લપસી ન પડાય તેવું, યોગ્ય ગટર વ્યવસ્થાવાળું, ચૌખટ વિનાનું ફર્શ હોવું જોઈએ.
•શૌચાલયના દરવાજા ૯૦૦ એમએમ (૩ ફૂટ) પહોળા હોવા જોઈએ. તેને બંધ કરવા માટેની સાંકળ / આંકડી ઉપર, મધ્યમાં અને નીચે હોવી જોઈએ. તે સરળતાથી વાપરી શકાય તેવી અને પગથી પણ ચલાવી શકાય તેવી હોવી જોઈએ. દરવાજાના હેન્ડલ D આકારના અથવા લીવર પ્રકારના હોવા જોઈએ, નહી કે નોબ પ્રકારના.
•જરૂરી સામગ્રી અને ફીટીંગ્સ
•લાંબી ડોકવાળા અને સરળતાથી વાપરી શકાય તેવા લીવરયુક્ત નળ આપવાના રહેશે.
•શૌચાલયના ટબ (WC)ની ઊંચાઈ ૪૫૦ એમએમ થી ૪૮૦ એમએમ (આશરે ૧.૫ ફૂટ) હોવી જોઈએ.
•વોશ-બેસિનની ઊંચાઈ ૭૫૦ એમએમ થી ૮૦૦ એમએમ (આશરે ૨.૫ ફૂટ) હોવી જોઈએ.
•પકડવા માટેના હેન્ડલ, દરવાજાના હેન્ડલ, તમામ ફીટીંગ્સ, ચાલુ-બંધ કરવાની તમામ ચીજો (Operableitems)તેના વપરાશકર્તા સરળતાથી પહોંચી શકે તેટલી ઊંચાઈ પર, જમીન થી 300 એમએમ થી ૧૦૦૦ એમએમ (૧ ફૂટ થી ૩.૩. ફૂટ)ની ઊંચાઈ પર હોવા જોઈએ અને તે સરળતાથી ચલાવી શકાય તેવા હોવા જોઈએ. (લાંબા અને લિવરવાળા નળ)
•૨૫૦ કિલોનું વજન ઝીલી શકે તેવા પકડવા માટેના પૂરતી સંખ્યામાં બાર / હેન્ડલ હોવા જોઈએ.
•એલાર્મ બટન ફર્શથી ૩૦૦ એમએમ (૧ ફૂટ) ઊંચાઈ પર અને આદર્શપણે ત્રણે દીવાલો પર હોવા જોઈએ.
•અરીસા, વ્હીલચેર ઉપયોગકર્તાઓને અનુકૂળ થાય તે રીતે યોગ્ય ખૂણે ગોઠવેલા હોવા જોઈએ.
•શૌચાલય સારી રીતે પ્રકાશિત હોવા જોઈએ.

# સુગમ્ય શૌચાલયો






•વ્હીલચેર ફરી શકે તેટલું પૂરતું શૌચાલયનું માપ નથી.
•જો શૌચાલયમાં જવા માટે રેમ્પ / ઢાળ આપેલો હોય તો મોટે ભાગે તે ખૂબ સાંકડો, લાપસી પડાય તેવો અને સીધો (steep) યોગ્ય લેન્ડીંગ વિનાનો હોય છે.
•પ્રવેશદ્વાર યોગ્ય સપાટી પર નથી હોતો અથવા ચૌખટ આપેલી હોય છે.
•વ્હીલચેર વાપરનારી વ્યક્તિઓ માટે દરવાજાની રચના યોગ્ય નથી હોતી અથવા દરવાજાની પહોળાઈ પૂરતી નથી હોતી.
•પકડવાના હેન્ડલ લગાડવામાં આવતા નથી અથવા જો લગાડેલા હોય તો પણ ધોરણો અનુસારની રચના અને શક્તિ મુજબના હોતા નથી.
•દરવાજો બંધ કરવા માટેની સાંકળ / કડી /લેચ, વાપરવામાં મુશ્કેલ હોય છે.
•દરવાજા પરના હેન્ડલ વાપરવામાં મુશ્કેલ પડે તેવા નોબ (knob) પ્રકારના હોય છે.
•લિવરવાળા અને લાંબી ડોકવાળા નળ લગાડેલા નથી હોતા.
•ઈમરજન્સી બટન હોતું નથી. જો હોય તો કામ કરતું નથી.
•શૌચાલયમાં પૂરતો પ્રકાશ નથી હોતો અને હવાની અવાર-જવર પૂરતા પ્રમાણમાં નથી હોતી.
•લપસી ન પડાય તેવું ફર્શ નથી હોતું.
•સફાઈનો અભાવ અને પાણી ચૂવાના (leakage) કારણે શૌચાલય લપસી પડાય તેવું અને તેથી દિવ્યાંગ વ્યક્તિઓ માટે ભયજનક બને છે.



# હાઇકોર્ટની ઇમારત, શિલોંગ, મેઘાલય

•ડાબી બાજુ અને જમણી બાજુ પકડવા અને ઉપયોગની સરળતા માટે ગ્રેબ-બાર્સ આપવામાં આવ્યા છે. યોગ્ય રીતે જ તમામ સેનેટરી ફીટીંગ્સને આવરી લેવાયા છે.

•હાથ-નળ (hand-faucet), ટોઇલેટ પેપર હોલ્ડર, વાલ્વ સરળતાથી ઉપયોગ કરી શકાય તે રીતે બેસાડવામાં આવ્યા છે.

•તાકીદના સમયે મદદ મેળવવા માટે ઈમરજન્સી એલાર્મ બટન પણ આપવામાં આવ્યું છે.







## કાલિકટ એરપોર્ટ, કેરાલા

•શૌચાલયમાં લપસી ન પડાય તેવી ટાઇલ્સ લગાડવામાં આવી છે.
•સહાય અને વ્હીલચેરમાંથી કમોડ પર બેસવા ઇત્યાદીમાં સહાય થાય તે માટે, જમણા અને ડાબા હાથનો ઉપયોગ કરનારા માટે પકડવાના ગ્રેબ-બાર્સ આપવામાં આવ્યા છે.
•ઉપયોગની સરળતા માટે લાંબા હેડલવાળા નળ આપવામાં આવ્યા છે.
•વ્હીલચેર વાપરનારાઓ માટે વોશબેસિન ઉપર ઢાળતો અરીસો મૂકવામાં આવ્યો હોત તો વધારે સગવડભર્યું થઇ શક્યું હોત.








## કન્ઝ્યૂમર ફોરમ, સેક્ટર ૧૯, ચંડીગઢ

•ફોટોગ્રાફમાં દેખાય છે તદનુસાર શૌચાલયના બહારના ભાગમાં બાહ્ય સુલભતા લાક્ષણિકતાઓ પૂરી પાડવામાં આવી છે, જેમ કે સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી બ્રેઇલ નિશાની, અનુભવી શકાય તેવી ટાઇલ્સવાળો માર્ગદર્શક માર્ગ પૂરા પાડવામાં આવ્યા છે.

•વ્હીલચેર વાપરનારા વ્યક્તિઓ ઉપયોગ કરી શકે તે માટે ઢળતો અરીસો મૂકવામાં આવ્યો છે.

•શૌચાલયમાં લપસી ન પડાય તેવી ટાઇલ્સ અને ડાબા અને જમણા હાથના ઉપયોગકર્તાઓની સહાય માટે પકડવાના હેન્ડલ / ગ્રેબ-બાર્સ મૂકવામાં આવ્યા છે.



## જિલ્લા કલેક્ટર કચેરી, કુન્નુર, કેરાલા

•હળવા ઢાળ /રેમ્પ દ્વારા શૌચાલયના પ્રવેશને સરળ બનાવવામાં આવ્યો છે.
•દરવાજા આગળ ચૌખટ ન મૂકીને શૌચાલયનો પ્રવેશ સરળ (seamless) બનવાનું સિનિશ્ચિત કરવામાં આવ્યું છે.
•સ્પષ્ટપણે દેખાય તેવી નિશાની મૂકવામાં આવી છે. ઉપરાંત, શૌચાલયની નજીક દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત એવી રાહ જોવા માટેની જગ્યા (waiting area) બનાવવામાં આવી છે.
•અગત્યની જગ્યાઓએ ચેતવણી આપતી ટાઈલ્સો સાથે અનુભવી શકાય તેવા માર્ગવાળો રેમ્પ પણ બનાવવામાં આવ્યો છે.







## તાશી નામજ્ઞાલ એકેડેમી, ગેંગટોક, સિક્કિમ

- ઇમારતની બહારની બાજુ સુલભ શૌચાલય બ્લોક બનાવવામાં આવ્યા છે જેમાં પ્લેન્થ લેવલ સુધીનો હળવા ઢાળ અને ટેકા માટે હેંડરેઇલવાળો રેમ્પ છે. વ્હીલચેર વાપરનારા વ્યક્તિ સરળતાથી તેનો ઉપયોગ કરી શકે તે માટે તે પૂરતો પહોળો રાખવામા આવ્યો છે.
- દૂરથી દેખાતી નિશાનીઓ અને અનુભવી શકાય તેવી માર્ગદર્શક ટાઇલ્સોથી સુલભતા વધારવામાં આવી છે.



## ૯

કલમ ૫.૧૨.૧, હાર્મોનાઇઝ્ડ ગાઇડ્લાઇન્સ
કલમ બી ૭.૧૧ પ્રકરણ ૧૩, એનબીસી, ભાગ ૧

# પીવાના પાણીની સુગમ્ય સવલત







# પીવાના પાણીની સુગમ્ય સવલત




•પીવાના પાણીની સુવિધામાં ૯૦૦ એમએમ x ૧૨૦૦ એમએમ (૩ ફૂટ x ૪ ફૂટ)ની ચોખ્ખી જગ્યા હોવી જોઈએ. પાણીના નિકાલ માટે ઢાંકેલી વ્યવસ્થા હોવી જોઈએ. અને પાણીની સુવિધાની સામેની જગ્યા કોરી હોવી જોઈએ અને તેનું ફર્શ લપસી ન પડાય તેવી ટાઈલ્સોનું બનેલું હોવું જોઈએ.

•બે બેસિન જુદી જુદી ઊંચાઈ (૭૦૦ એમએમ (૨.૩ ફૂટ) થી ૯૦૦ એમએમ (૩ ફૂટ))પર બેસાડેલા હોવા જોઈએ. કાઉન્ટરની નીચે ૩૦૦ એમએમ (૧ ફૂટ) થી ૬૮૦ એમએમ (૨.૧ ફૂટ)ણી પગ રાખવા માટેણી જગ્યા હોવી જોઈએ.

•નળ લિવરવાળા અથવા ફુવારા પ્રકારના અને લાંબી ડોકવાળા હોવા જોઈએ જેથી વ્હીલચેર વાપરનારી વ્યક્તિઓ તેમનો સરળતાથી ઉપયોગ કરી શકે. પગેથી ચાલુ બંધ કરી શકાય તેવા પ્રકારની વ્યવસ્થા પણ કરી શકાય.



# પીવાના પાણીની સુગમ્ય સવલત




•પાણીના કુલરને એક ઓટલા/ પ્લેટફોર્મ પર અથવા સાંકડા પેસેજના અંતે પિંજરામાં બંધ કરીને મૂકવામાં આવેલ છે. પગ મૂકવાની જગ્યા (leg room) અથવા વ્હીલચેર વળવાની કોઈ જોગવાઈ નથી. લપસી પડાય તેવી સપાટીઓ ટાળવી.

•પાણીના નળ બે લેવલ પર આપવામાં આવ્યા નથી અથવા ફુવારા જેવા અથવા લિવરવાળા નળ આપવામાં આવ્યા નથી. આપેલ નળ વાપરવામાં મુશ્કેલ છે.

•પાણીના નિકાલ માટે ખુલ્લી વ્યવસ્થા, ગટર પર જાળી અને ચૌખટ વ્હીલચેરવાળી અને લાકડીણી સહાયથી અથવા તે વિના ચાલતી દ્રષ્ટીની ક્ષતિવાળી વ્યક્તિઓને હલન-ચલનમાં નડતરરૂપ નીવડે છે તેથી તે ટાળવું.



## ગુરુ રામદાસજી  ઇન્ટરનેશનલ એરપોર્ટ, અમૃતસર, પંજાબ

•પીવાના પાણીની સવલતની જગ્યાએ વ્હીલચેરવાળી વ્યક્તિઓ માટેના પીવાના પાણીની વ્યવસ્થામાં નીચેના ભાગે પગ મૂકવાની સવલત કરવામાં આવી છે. જુદી જુદી ઊંચાઈએ બે પાણીના નળ મૂકવામાં આવેલ છે.

•બટન વડે ચાલતી સાદી અને સરળ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

•તે વિસ્તારને કોરો રાખવા માટે જાળી અથવા ગટરના ઢાંકણાને બદલે રબર મેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી ચાલવા માટેની લાકડી અથવા વ્હીલચેરને નડતર ન થાય.

•દૂરથી સ્પષ્ટ દેખાતી નિશાની દર્શાવવામાં આવી છે.







## જીએસટી ભવન, પુણે, મહારાષ્ટ્ર

•જુદી જુદી ઊંચાઈઓવાળા વ્યક્તિઓને ઉપતોગમાં સરળતા રહે તે  માટે બે ઊંચાઈઓવાળા પીવાના પાણીના ડિસ્પેન્સર.
•વ્હીલચેરવાળી વ્યક્તિઓ માટે ડિસ્પેન્સરની નીચે પગ રાખવા માટે જગ્યાની જોગવાઈ કરવામાં આવી છે.
•ઉપયોગમાં સરળતા માટે સાદા અને મોરા બટન આપવામાં આવ્યા છે.





# ૧૦

પ્રકરણ ૬, હાર્મોનાઇઝ્ડ ગાઈડલાઇન્સ
કલમ બી ૨૪, પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી ભાગ ૧

# સુગમ્ય નિશાનીઓ



ચિત્ર સંદર્ભ સ્રોત : નેશનલ બિલ્ડીંગ કોડ, ભાગ ૩, પ્રકરણ ૧૩



# નિશાનીઓ

✓




•નિશાનીઓ સાદી પરંતુ પ્રમાણિત ડિઝાઇનમાં ધ્યાન ખેંચે તેવી રીતે વિરોધી પાર્શ્વભૂમિમાં બનાવવી
•દ્રષ્ટીની ક્ષતિવાળી વ્યક્તિઓની જરૂરિયાત અનુસાર તેમને યોગ્ય જગ્યાએ સારી રીતે પ્રકાશ પડે તેમ મૂકવી જેથી દૂરથી પણ જોઈ શકાય.
•વૈકલ્પિક ફોર્મેટ – માહિતી માત્ર શબ્દો/ લખાણમાં જ મૂકવી નહી પરંતુ પિક્ટોગ્રામ, ચિહ્નો, ઇન્ફોગ્રામ, અને બ્રેઇલ, શ્રાવ્ય સ્વરૂપે, ડિજિટલ ડિસપ્લે, અનુભવી શકાય તેવા નકશા અને નમૂના / મોડેલ જેવા વૈકલ્પિક સ્વરૂપે પણ મૂકી શકાય.
•યોગ્ય રીતે નજરે પડે તે માટે પ્રકાશની વ્યવસ્થા, યોગ્ય સામગ્રી (material) અને ફિનિશિંગ મહત્વના છે



# નિશાનીઓ

✗




•નિશાની પ્રમાણીત ડિઝાઇન અનુસારની નથી. અને સમગ્ર સ્થળમાં જુદા જુદા થીમનો ઉપયોગ થયો છે.
•અંતરના કારણે નિશાનીની દ્રષ્ટીગોચરતાને અસર પડે છે અથવા તેમાં અવરોધ પેદા થાય છે.
•સારી રીતે પ્રકાશિત નથી અને વાપરવામાં આવેલી સામગ્રી ચળકાટ પેદા કરે છે જેથી વાંચવામાં તકલીફ પડે છે.
•પ્રમાણિત હોય તેવા વિરોધી રંગો વાપરવામાં આવ્યા નથી. તેથી તેનો હેતુ પૂર્ણ થતો નથી.

# પ્રમાણિત ગ્રાફિક ચિહ્નો

કલમ ૬.૪, ૭.૫, હાર્મોનાઇઝ્ડ ગાઈડ્લાઇન્સ
કલમ બી ૨૪.૨.૧૬. પ્રકરણ ૧૩, ભાગ ૩, એનબીસી, ભાગ ૧
અમેરિકન ડિસેબીલીટી એક્ટ (ADA) ગાઈડ્લાઇન્સ



સુગમ્યતાનું આંતરરાષ્ટ્રીય ચિહ્ન



સુગમ્ય સવલત / રેમ્પ/ પ્રવેશદ્વાર












બંધ શિર્ષક



દ્રષ્ટીની ક્ષતિ ધરાવનાર વ્યક્તિઓ માટેની સુવિધા



ઇન્ડકશન લૂપ, શ્રવણ માટેની સહાયક સેવા ઉપલબ્ધ છે.




બ્રેઇલમાં માહિતી ઉપલબ્ધ છે



સંજ્ઞાની ભાષાના અર્થઘટન




## નિર્માણ સૌધા, ભુવનેશ્વર, ઓરિસ્સા

•આ બહાર મૂકવાની નિશાની પ્રમાણિત ભૂરા અને સફેદ રંગોના ઉપયોગથી બનાવવામાં આવી છે.
•વધારાની ગ્રાફિક રચના બૌધ્ધિક ક્ષતિવાળી વ્યક્તિઓ માટે માહતીના અર્થઘટનને સરળ બનાવવામાં સહાયક નીવડશે. માહિતી પ્રાદેશિક ભાષામાં આપવામાં આવી છે.
•નિશાનીના બોર્ડ એવી રીતે બનાવવામાં આવ્યા છે અને મૂકવામાં આવ્યા છે કે તે બધી બાજુએથી નજરે પડે છે અને તેમને કોઈ મોટો અવરોધ નડતો નથી.






## સચિવાલય, ચેન્નાઈ, તામિલનાડુ

- આ અંદર મૂકવાની નિશાની પ્રમાણિત ભૂરા અને સફેદ રંગોના ઉપયોગથી બનાવવામાં આવી છે.
- નિશાનીનું ફોર્મેટ સરળ અને ગ્રાફિકલ/ચિત્રવાળું રાખવામા આવ્યું છે જેથી સૌ કોઇ તેને સમજી શકે.
- માહિતી પ્રાદેશિક ભાષા અને બ્રેઇલમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- નિશાનીને ફર્શથી યોગ્ય ઊંચાઈએ મૂકવામાં આવી છે, જેથી દ્રષ્ટની ક્ષતિવાળી વ્યક્તિઓ સરળતાથી તેના સુધી પહોંચી શકે.





## સચિવાલય, ચેન્નાઈ, તામિલનાડુ

•ઇમારતમાં દરેક માળની માહિતી અને વિગતો બ્રેઇલ માહિતી બોર્ડમાં પૂરી પાડવામાં આવી છે.

•દ્રષ્ટીની ક્ષતિ ધરાવતા લોકો સરળતાથી પહોંચી શકે તે માટે, આ બોર્ડ યોગ્ય ઊંચાઈએ મૂકવામાં આવ્યા છે.








## ચંદીગઢ રેલ્વે સ્ટેશન, ચંદીગઢ

•રેલ્વે સ્ટેશનમા અગત્યની તમામ પ્રવૃત્તિઓની માહિતી, માહિતી આપતી નિશાનીઓ વડે સમગ્ર પરિસરમાં દર્શાવવામાં આવી છે.

•વિરોધી રંગોના ટેમ્પ્લેટ્સનો ઉપયોગ કરીને નિશાનીઓની ડિઝાઇન બનાવવામાં આવી છે.

•સાર્વત્રિક-વાચન ક્ષમતા માટે નિશાનીઓમાં સાદા ચિત્રો, લખાણ તેમજ બ્રેઇલ ફોરમેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

•બોર્ડમાં સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરવા છતાં, વાંચવામાં સમગ્ર રીતે બોર્ડમાં ચળકાટ કે પરવર્તનની સમસ્યા નડતી નથી.















## ચેન્નાઈ મેટ્રો સ્ટેશન, તામિલનાડુ

•ખુલ્લા વિસ્તારમાં સ્પષ્ટપણે માહિતી દર્શાવતી ચિત્રાત્મક નિશાનીઓ મૂકવામાં આવી છે. તીરની સાદી નિશાની વડે, ખાસ કરીને ખૂબ ભીડ-ભાડ વાળી જગ્યામાં માહિતીનું અર્થઘટન સરળ બને છે.





# ચેતવણીની પ્રણાલીઓ

- સુલભતાની ૧૦ મૂળભૂત લાક્ષણિકતાઓ ઉપરાંત બાંધકામ કરેલ જગ્યાઓમાં આકસ્મિક સંજોગોમાં /ઇમરજન્સીમાં લોકોને બહાર કાઢવાની બાબત પણ મહત્વની બની જાય છે. તેના માટે કાળજીપૂર્વકની માહિતી અને ડિઝાઇનની આવશ્યકતા રહે છે. ચેતવણી આપતી પ્રણાલીઓ, અગ્નિશમનના સાધનો, ઇમારત ખાલી કરતી વખતે ઉપયોગી નકશા નિભાવવામાં આવે જેથી કરીને દિવ્યાંગ વ્યક્તિઓ સહિત તમામ વ્યક્તિઓને સત્વરે અને સ્વતંત્ર એવી ઈમરજન્સી રિસ્પોન્સ ની સુલભતા મળી રહે.
- ઈમરજન્સી રિસ્પોન્સના તમામ સાધનોમાં ચેતવણી આપતી પ્રણાલીઓ કે જે દ્રષ્ટી અને શ્રવણની ક્ષતિવાળી વ્યક્તિઓની જરૂરિયાતો પૂરી કરતી હોય તે સૌથી મહત્વની છે. ધ્વનિ-સચેતકોની સાથે સાથે, પ્રકાશના ઝબકારા પેદા કરતાં ફ્લેશીંગ બિકન અને અંધારમાં ચમકતી નિશાનીઓવાળા બોર્ડ પરિશરમાં લગાડવા જરૂરી છે. તે માટે નીચેના કેટલાક માપદંડ ધ્યાને રાખવાની આવશ્યકતા છે.

શૌચાલયો અને લીફ્ટમાં ફર્શથી સરળતાથી પહોંચી શકાય તેટલી ઊંચાઇ પર ફરજિયાતપણે એલાર્મ બટન પૂરા પાડવા.

શૌચાલયોમાં સરળતાથી ઉપયોગ થઈ શકે તે માટે દોરીવાળા એલાર્મ બટન અથવા સ્પષ્ટપણે જોઈ શકાય તેવા સ્વરૂપે બટન ફર્શની નજીકમાં અને શક્ય હોય તો ત્રણે દીવાલો પર મૂકવા કારણ કે દિવ્યાંગ વ્યક્તિ ગમે ત્યાં અસુવિધાજનક રીતે પડી જય શકે છે.

ઈમરજન્સી કોલીંગ પ્રણાલીનો નિયમિત નિભાવ અને મરામત કરવું. કર્મચારીઓને પરિશરમાં વાગેલા કોઈ પણ એલાર્મની ઓળખ અને તેના પ્રત્યે તાત્કાલિક પ્રતિભાવ અને લોકોને બહાર નીકળવામાં મદદ કરવા માટેની પ્રક્રિયાઓની તાલીમ આપવી.

ઝબકારા મારતી લાઇટ / ફ્લેશિંગ બિકન એટલી તેજસ્વી હોવી જોઇએ કે કટોકટીની સ્થિતિમાં શ્રવણની ક્ષતિવાળી વ્યક્તિઓને તેનાથી ચેતવણી મળી શકે.







દોરીવાળી ચેતવણી પ્રણાલી



Source: https://tjelectricaluk.com/our-work/b03-power-lighting-fire-alarm-cheam/




Source: https://www.ecmag.com/section/ systems/ building-renovation

આગની ચેતવણી માટે ફ્લેશીંગ બિકન

## સુગમ્યતાના સૈનિકો બનો

### સુગમ્યતાની તમારી સમજનું મૂલ્યાંકન કરો

### ઇમારત, પરિશર અથવા વિસ્તાર પસંદ (નક્કી) કરો, તેના વિષે નિર્ણય કરો. નીચેના પ્રશ્નો પૂછો.

| | | | |
|---|---|---|---|
| તમે ઢાળ / રેમ્પ જોયો? શું તેના પર યોગ્ય નિશાનીઓ સ્પષ્ટ રીતે કરેલી છે? | શું રેમ્પ /ઢાળ સીધો અથવા સાંકડો છે? | શું રેમ્પ / ઢાળ પર છેડા ગોળ કરેલી જુદી જુદી ઊંચાઇ પર બે હેન્ડરેઇલ મૂકેલી છે? | શું પગથિયાંના છેડાં દ્રશ્યમાન થાય તે માટે દાદર પર રંગીન પટ્ટાઓનો ઉપયોગ થયો છે? |
| ઇમારતની બહાર અને અંદર, અનુભવી શકાય તેવો માર્ગ છે? તેની ઉપર ચેતવણી આપતી ટાઈલ્સો યોગ્ય રીતે લગાડેલી છે? | તે જૂનું અથવા ઐતિહાસીક ધરોહરવાળી ઇમારત હોય તો સુગમ્યતાની કઈ કામચલાઉ વ્યવસ્થાઓ કરી શકાય તેમ છે? | શું મેં ઓછી ઊંચાઇવાળું સુગમ્ય કાઉન્ટર જોયું? | શું પ્રવેશદ્વાર પાસે સુગમ્ય પાર્કિંગ પૂરું પાડવામાં આવ્યું છે? શું તેમાં વાહનમાથી ઉતારવા/ચઢવાની જગ્યાની (transfer bay) જોગવાઈ છે? |
| લીફ્ટ વ્હીલચેરને સમાવી શકે છે? શું વ્હીલચેરમાં બેઠેલી વ્યક્તિ કંટ્રોલ પેનલનો ઉપયોગ કરી શકે છે? | શું એક નવી માતા અથવા સગર્ભા મહિલા અહીં આરામદાયક અનુભવ કરી શકે છે? | શું સંકુલ અને ઇમારત સારી રીતે પ્રકાશિત છે? | શું શૌચાલય વ્હીલચેરવાળી વ્યક્તિઓ માટે સુગમ્ય છે? |
| શું શૌચાલયમાં પૂરતી સંખ્યામાં પકડવા માટેના મજબૂત અને ટકાઉ બાર / હેન્ડલ છે? | શું કોઈ સહાયક વિનાની દિવ્યાંગ વ્યક્તિ સ્વતંત્રપણે શૌચાલયનો ઉપયોગ કરી શકે છે? | શું પાણીની સુવિધા વ્હીલચેરવાળી વ્યક્તિ ઉપયોગ કરી શકે તેવી છે? શું તેમાં બે ઊંચાઇઓએ પાણીની સવલત આપેલી છે? | શું સંકટ સમયે ઇમારત ખાલી કરવાની વ્યવસ્થામાં દિવ્યાંગ વ્યક્તિઓની જરૂરિયાતોને ધ્યાને લેવાઈ છે? |
| શું નિશાનીઓ / માહિતી પ્રણાલી દ્રષ્ટીની ક્ષતિવાળી વ્યક્તિઓને સલામતીપૂર્વક હરવા ફરવામાં સહાય કરે છે? | શું વ્હીલચેર વાપરનારી વ્યક્તિ અથવા દિવ્યાંગ વ્યક્તિને ધ્યાને રાખીને બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે? | શું ખુલ્લો અથવા હરિયાળો વિસ્તાર સુગમ્ય છે? | બૌધ્ધિક વિકલાંગ વ્યક્તિ અહી કેટલી સરળતાથી ફરી શકશે? |

NOTES

Accessible India Campaign
Accessible India - Empowered India

NOTES

Accessible India Campaign
Accessible India - Empowered India

NOTES

Accessible India Campaign
Accessible India - Empowered India

NOTES

Accessible India Campaign
Accessible India - Empowered India